સુવિચાર
પ્રવૃત્તિ ઘણી બદલી, ચાલો હવે વૃત્તિ બદલીએ.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૬/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
જ્ઞાન એ સર્વશ્રેષ્ઠ સંપતિ છે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૩ વર્ષ : ૧૬ અંક : ૧૬૯

## પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવ્યો

# વડિયા સહિત અનેક ગામોમાં સીએનજી પંપ શરૂ કરો

**માલવાહક અને પેસેન્જર રીક્ષાથી લઈને ટ્રેક્ટર સુધીનાં વાહનો સીએનજી દોડી રહ્યા છે**

**સીએનજી વાહનોથી પર્યાવરણ અને વાહનને પણ ફાયદો થતો હોવાથી સીએનજી વાહનો વધી રહ્યા છે**

**દિનપ્રતિદિન કારથી લઈને ટ્રક અને લક્ઝરી બસ પણ સીએનજીથી ચલાવવાનું પ્રમાણ વધવાનું છે**

**પર્યાવરણ, વાહન અને વાહન ચાલકોનાં હિતમાં ઠેકઠેકાણે સીએનજી પંપ શરૂ કરવા જરૂરી**









અમરેલી, તા. ૨૭

આજનાએકવીસમીસદીનાં યુગમાંપેસેન્જરથીલઈનેમુસાફર રીક્ષા, કાર, ટ્રેકટર, ટ્રક અને લકઝરી બસ સીએનજીવાહનોનુંવેચાણવધીરહ્યુંહોય તે સમયે વડિયા, કુંકાવાવ સહિત સમગ્ર જિલ્લામાં સીએનજી પંપ શરૂ કરવાની જરૂરિયાત હોય તે સમયે પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લાનાં વડિયા તાલુકામાં એકપણ સીએનજી પંપ નથી. આ તાલુકો ખેતી આધારિત તાલુકો છે. ખેડૂત, મજૂર, કારીગર વર્ગ અને નાના વેપારીઓ અહી રહે છે. આપણી પર્યાવરણની નીતિ પ્રમાણે આ વિસ્તારનાં લોકોને સીએનજીનો લાભ મળતો નથી. પેટ્રોલ અને સીએનજીના ભાવફેરના લીધે નાના અને મધ્યમ વર્ગના લોકો તથા નાના માલવાહકો, ફેરીયાઓ, ઈકો, મારૂતિ જેવી ગાડી રાખી ભાડાનું કામ કરતા હોય છે. જાણવા મળ્યું છે કે હવે સીએનજી ટ્રેકટર પણ આવી ગયા છે. ટ્રક, બસ અને મોટર સાયકલ પણ સીએનજી આવી ગયા છે. તો વડિયા, કુંકાવાવ, તોરી, દેવગામ, લુણીધાર અને ચોકી આ છ જગ્યાએ સીએનજી પંપની જરૂર છે. તો આજના ઝડપી જમાનામાં વડિયા તાલુકાને સીએનજી જેવી વ્યવસ્થા મળતી નહોય તો તાત્કાલિક ધોરણે અને સ્પેશીયલ કેસમાં નિર્ણય લઈ અને આ તાલુકાના લોકોને આર્થિક રીતે ફાયદો થાય અને સરકારની નીતિ પ્રમાણે પર્યાવરણ બચાવવાની ઝુંબેશમાં પણ આ તાલુકો સહયોગી થાય તેના માટે આ છ જગ્યાએ સીએનજી પંપીંગ સ્ટેશનો આપવા અંતમાં માંગ કરેલ છે.

### મહાવીર નગર વિસ્તારની ઘટના

## લાઠીનાં ૨૫ વર્ષિય યુવકનું ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી મોત

**રહેણાંક મકાનમાં ઈલેક્ટ્રીકનું કામ કરતા બનાવ બન્યો**

અમરેલી, તા. ૨૭

લાઠી મહાવીરનગર વિસ્તારમાં રહેતા જગદિશભાઈ ભુપતભાઈ વાઘેલા નામના ૨૫ વર્ષિય યુવક ગત તા. ૨૬ના રોજ સાજના ૬ વાગ્યાના અરસામાં લાઠી ગામે આવેલ મહાવીરનગરમાં રહેતા સમજુબેન અમરશીભાઈ ચારોલીયાના રહેણાંક મકાને ઈલેક્ટ્રીક વાયરનું રીપેરીંગ કરતા હતાં. ત્યારે તેમને અચાનક ઈલેક્ટ્રીક શોર્ટ લાગતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જમીન વેચવાની છે
ફળદ્રુપ જમીન વેચવાની છે. પ્રાઈમ લોકેશન બાબરા-ચિતલ હાઈ-વે થી ૧ કિ.મી. અંદર, સારા રસ્તે ફાર્મ-૧, ૧૦ વિઘા અને ૦૮ ગુંઠા વેચવાનું છે. જેમાં ફુલપાણી વાળો બોર, સબમર્શીબલ પંપ ૧૫ એચ.પી.નું લાઈટ કનેકશન,૪૦ ની ગોળાઈનો આરસીસી ટાંકો, બે-રૂમ, રસોડુ, ઓસરીની પ્લીંથ, સંડાસ-બાથરૂમ એટેચ બીમકોલમ વાળા બેલાની પાકી પ્રોટેકશન વોલ (દીવાલ) ૨૦x૨૦ નું ગોડાઉન-વંડો વાળેલો ઉપરાંત આંબા સહિત બાગાયતી રોપાવાળું....
સંપર્ક મો.૯૯૦૯૬ ૨૦૨૮૫

### આમ આદમીની સમસ્યાનુ નિરાકરણ કરો

## જાફરાબાદની ઈ-ધરા કચેરીમાં મોઢા જોઈને ચાંદલો કરતાં ઓપરેટરો

**પદાધિકારીઓ અને અધિકારીઓ યોગ્ય કરે**



જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદમાં હાલમાં વિદ્યાર્થીઓની સ્કોલરશીપ માટે જાતિના દાખલા માટે ચાલતી કામગીરીમાં કમ્પ્યુટર પર બેઠેલા ઓપરેટર મોઢા જોઈને ચાંદલો કરવામા આવી રહ્યો છે. લોકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહેતા હોય પરંતુ મોઢું જોઈને ચાંદલો કરવામાં આવી રહ્યો છે. નાગરિકો પોતાના ધંધા રોજગાર મુકી લાંબી લાઈનોમાં ઉભા હોય કોઈ વ્યકિત રાજકીય લાગવગ ધરાવતા હોય આવી મોઢું દેખાડે એટલે યુધ્ધના ધોરણે કામગીરી કરી દેવામાં આવી રહ્યા છે. ગરીબ બીચારા લાઈનમાં ઉભે પરંતુ લાગવગ ધરાવતા લોકો આવે એટલે કોમ્પ્યુટર ઓપરેટર હાજી હાજી કરી તેનું કામ તાત્કાલિક ધોરણે કરી દેવામાં આવી રહ્યું છે. વર્ષોથી પેધી ગયેલા આ કોમ્પ્યુટર ઓપરેટર મહિલાઓ સાથે પણ ગેરવર્તન કરી રહ્યા છે. ઈ-ધરા કચેરી પોતાની માલિકીની હોય તેમ જનતા સાથે ગેરવર્તન કરી રહ્યા છે. નાગરિકો પોતાના રોજિંદા કામકાજ મુકીને લાઈનમાં ઉભા હોય તે જોવાને બદલે લાગવગથી કામગીરી હાથ ધરી રહ્યા છે. કોઈ વ્યકિતનો કોલ આવે એટલે યુધ્ધના ધોરણે કામ કરી દેવામાં આવે છે. ઘણા વર્ષોથી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા આ કર્મચારી પોતાની મનમાની ચલાવી રહ્યો છે. અને નાગરિકો સાથે તોછડી ભાષા વાપરી રહ્યા છે. મામલતદાર યોગ્ય કરે તેવી માંગ.

### જિલ્લામાં રખડતા પશુઓની સમસ્યા વિકરાળ

## લાઠીમાં બે આખલા યુધ્ધે ચડતાં દંપત્તિ હડફેટે આવી જતાં પરિણીતાનું મોત

**અનેક બનાવો છતાં તંત્રને કોઈ ગંભીરતા જ નથી**

અમરેલી, તા. ૨૭

અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા ઘણાં જ સમયથી રેઢિયાળ પશુ તથા આખલા તથા ાનનો ત્રાસ હોય પશુઓ માર્ગોની વચ્ચે અડીંગો જમાવતા હોય જેથી વાહન અકસ્માતનો ભય રહે છે. જયારે આખલાઓ યુધ્ધે ચડતા રાહદારીઓ તથા વાહનોને હડફેટ લેતાં હોય છે. જયારે ાન પણ રોડ કે ખાંચા ગલીમાં નીકળતા લોકોને કરડી ખાતા હોય. ત્યારે લોકો પણ તંત્રને રજુઆત કરી થાકયા છે. ત્યારે લાઠી ગામે ગત મંગળવારે બે આખલા યુધ્ધે ચડતા ત્યાંથી પસાર થતાં મોટર સાયકલને હડફેટે લેતાં પતિ-પત્નીને ગંભીર ઈજાઓ થતાં પત્નીનું મોત નિપજયું હતું.

આ બનાવમાં મળતી વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી ગામે કિશોરભાઈ બાબુભાઈ શેલડીયાની વાડીએ રહેતા નકરૂભાઈ સુરાજીભાઈ કનોડા (કચીદા) નામના ૨૮ વર્ષિય યુવક તથા તેમના પત્નિ પારૂલબેન (ઉ.વ. ૨૭) બન્ને પોતાના હવાલાવાળા મોટર સાયકલ લઈને લાઠી ગામમાં ખરીદી કરવા આવેલ હોય. ત્યારે ગત તા. ૨૪ના સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે લાઠી બાઉદીનપીરની દરગાહ પાસે એમ.બી. હોટલની સામે રોડ ઉપર

અનુસંધાન પાના ૬ ઉપર

### પીજીવીસીએલની લાઈન ભેગી થતાં બનાવ બન્યો

## બાબરાનાં તાઈવદર ગામે ગાયનું ઈલેક્ટ્રીક શોક લાગવાથી મોત

**30 હજાર રૂપિયાની કિંમતની ગાય હોવાનું ખુલ્યુ**

અમરેલી, તા. ૨૭

બાબરા તાલુકાના તાઈવદર ગામે રહેતા પશુપાલકનો વ્યવસાય કરતાં ભુપતભાઈ હીરાભાઈ લાંબરીયા નામના ૩૦ વર્ષિય યુવક ગત તા. ૨૬ના રોજ સવારે તાઈવદર ગામે પોતાના માલઢોર ચરાવવા માટે પોતાના ઘરેથી કાળુભાર નદીએ જતા હતા. તે વખતે રસ્તામાં તાઈવદર ગામમાં બાઘાભાઈ ટીડાભાઈ ગોલાણીના ઘર પાસે પીજીવી સીએલના ઘર વપરાશની વીજ લાઈનના તાર ભેગા થઈ ગયેલ હોય. જેના કારણે વીજપ્રવાહ રીટર્ન થતા યુવકની માલીકીની ગાય લાલ કલરની જર્સી જાતીની આશરે રૂપિયા ૩૦,૦૦૦ ને ઈલેકટ્રીક શોક લાગતા ગાયનું મોત નિપજયાનું જાહેર થવા પામેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
86,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૭/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાસુમન

સ્વ. દિલીપભાઈ દડુભાઈ ખાચર
સ્વ.તા. ૨૮-૦૬-૨૦૨૪
જેઠ વદ - ૭ ને
શુક્રવાર
આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
સ્મરણ તમારૂ થાય છે અમને, મન મુકીને રડાવે અમને,
શ્રદ્ધાંજલિ અર્પવા ઉપાડી કલમ, આંસુથી ભીંજાય ગયા કાગળ
પરમ કૃપાળુ પરમાત્મા તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લી.
શ્રી પ્રતાપભાઈ અનકભાઈ ખાચર
( એડવોકેટ એન્ડ નોટરી )
શ્રી શિવરાજભાઈ દડુભાઈ ખાચર
( શિવ સિલેકશન )
મું. બાબરા, જિ.અમરેલી

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકનાં ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશિન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર
સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

નિલકંઠ જ્વેલર્સ®
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી Mo. 98250 91721
સુવર્ણ અંલકારોની વિસ્તૃત શ્રેણી ચલાલા શહેરને આંગણે...
સોનાના 22CT હોલમાર્ક તથા ચાંદીના દાગીનાનું
જ્વેલરી એક્ઝીબિશન

92.5 સ્ટર્લીંગ સીલ્વર રીંગ 251/-થી શરૂ
૨૯ રવિવાર જુન - ૨૦૨૫
સમય : ૧૦:૦૦ થી ૬:૦૦
સ્થળ : શ્રી લોહાણા મહાજન વાડી, જુની નગરપાલિકા ચોક,ચલાલા
રૂા.૧૦,૦૦૦ કે તેથી વધારે ખરીદી કરો અને લાખોના ઈનામો જીતવાની તક મેળવો

### આમ આદમી પાર્ટીનાં પ્રમુખ સાવલિયાનુ નિવેદન

# આગામી સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપનો પરાજય નિશ્ચિત બન્યો

## પત્રકાર પરિષદમાં ''આપ''ની વિજય ગાથા વર્ણવી

અમરેલી, તા. ૨૭

અમરેલીખાતેઆમઆદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ નિકુંજ સવાલિયાની પત્રકાર પરિષદ યોજાઈ હતી.

તેઓએ પત્રકારોને સંબોધતા જણાવ્યુ હતુ કે, વિસાવદરમાં આમ આદમી પાર્ટીની જંગી બહુમતીથી જીત થઈ ત્યારથી ભાજપના વળતા પાણી શરૂ થઈ ગયા છે. વિસાવદરમાં ૧૭૦૦૦ વોટથી આમ આદમી પાર્ટી જીતી છે, તેની સાથે સાથે જ હવે સમગ્ર ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટીનો વોટ શેર વધ્યો છે. આમ આદમી પાર્ટી વિસાવદરમાં ગત પરિણામની સરખામણીમાં ત્રણ ગણા મતોથી જીતી છે, જેનાથી હવે સમગ્ર ગુજરાતમાં પરિવર્તનની લહેર દેખાઈ રહી છે. ભાજપના ૩૦ વર્ષના શાસનથી જનતા ખૂબ જ ત્રસ્ત છે અને લોકો હવે પરિવર્તન ઈચ્છી રહ્યા છે. આનો વધુ એક દાખલો જોવા મળ્યો કે રવિવારે સમગ્ર ગુજરાતમાં યોજાયેલ ૩૫૦૦થી વધુ ગ્રામ પંચાયતોમાં થયેલી ચૂંટણીના પરિણામો આવવાના શરૂ થયા છે અને ભાજપ માટે આ પરિણામો ખૂબ જ નિરાશાજનક છે અને ભાજપની મોટાપાયે હાર થઈ છે.



રવિવારે યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામોમાં ભાજપના અનેક નેતાઓ અને તેમના પુત્રો તથા સમર્થકોની સમગ્ર ગુજરાતમાં હાર જોવા મળી છે. પંચાયતની ચૂંટણીઓમાં ભાજપના મંત્રીઓના પુત્રો હાર્યા છે અને પંચાયતના નેતાઓ પોતાના વોર્ડમાં પણ જીત નથી મેળવી શકયા અને ધારાસભ્યો પણ હવે પોતાની શાખ બચાવી શકયા નથી. રાજયકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારના પુત્ર કિરણ મોડાસા તાલુકાની જીતપુર ગ્રામ પંચાયતમાં ૬૨૩ મતે હાર્યા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત પૂર્વ મંત્રી વાસણ આહીરના પુત્ર ત્રિકમ પણ સરપંચની ચૂંટણી હાર્યા છે. આ સિવાય ભાજપના વિસનગરના નેતા અને ગુજકોમાસોલ તેમજ એપીએમસી જેવી સહકારી સંસ્થાઓના ડિરેક્ટર પદે રહેલા અંકિત પટેલ પણ સરપંચની ચૂંટણી હાર્યા છે. ગાંધીનગરના કલોલ તાલુકાના વાંસજડા ગામમાં ભાજપના યુવા વયના મહામંત્રી પદના હોદ્દેદાર એક ૭૩ વર્ષના વૃદ્ધ સામે હાર્યા છે. આ સિવાય આણંદ અને વડોદરામાં પણ અનેક જગ્યાએ ભાજપના હોદ્દેદારોને હારનો સ્વાદ ચાખવો પડયો છે.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગઈકાલે કહ્યું હતું કે ગોપાલ ઈટાલીયા વિધાનસભા ગજવશે અને ભાજપના નાકમાં દમ કરી દેશે. પરંતુ ગોપાલ ઈટાલીયા વિધાનસભા પહોંચે એ પહેલા જ તેમની જીતના કારણે સમગ્ર ગુજરાતમાં ભાજપના વળતા પાણી શરૂ થઈ ગયા. અરવિંદ કેજરીવાલજીએ જણાવ્યું હતું તેમ હવે લોકો સાફ સુથરી અને ઈમાનદાર રાજનીતિ ઈચ્છે છે, ગુંડા–મવાલી લોકોથી જનતા હવે આઝાદી માંગી રહી છે. આ એક સ્પષ્ટ પુરાવો છે કે હવે ગુજરાતની જનતા ભાજપના શાસનથી છુટકારો ઈચ્છે છે અને આમ આદમી પાર્ટીને લાવીને પરિવર્તન લાવવા માંગે છે. આગામી સમયમાં જયારે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી આવશે ત્યારે ભાજપ તેમાં સ્પષ્ટપણે હારી શકે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે અને આમ આદમી પાર્ટીનો પરચમ આખા ગુજરાતમાં લહેરાઈ શકે તેવી શક્યતા છે.

# લીલીયા મોટા : કોલેજનાં ડો. સુભાષ ઓડેદરાની બદલી થતા વિદાય અપાઈ





લીલીયા, તા. ૨૭

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજય કોલેજના પ્રોફેસર ડો. સુભાષ ઓડેદરા એમ.એ, નેટ સ્લેટ. પીએચ.ડી સમાજશાસ્ત્ર જી.પી.એસ.સી. વર્ગ ૨ની બદલી પોતાના વતન થતાં ભવ્ય વિદાયમાન કોલેજ પરિવાર ધ્વારા અપાયું તેમજ ડો. સુભાષભાઈ ઓડેદરા સાયબર ક્રાઈમ બ્રાન્ચ ગુજરાતના બહાદુર અને એકસપર્ટ, માનદ અધિકારી, સનિષ્ટ અધ્યાપક, સામાજિક સંશોધક, યુવા સમાજશાસ્ત્રી અને પોલીસ અધિકારીમાંથી પ્રોફેસર બની શિક્ષણ પ્રહેરી થયા એવા ડો. સુભાષભાઈ ઓડેદરાની બદલી રાણાવાવ પોતાના વતન ખાતે થતા તેમને કોલેજ સ્ટાફ પરિવાર ધ્વારા ભવ્ય વિદાઈમાન નમ આખો એ અપાયું ડો. સુભાષ ઓડેદરા અહીના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સાથે એક પરિવારના સભ્ય જેવો નાતો ધરાવતા હોય. ત્યારે દુઃખી મનથી આવા કર્મનિષ્ઠ શિક્ષકની વિદાય થતા વિદાયમાન આપવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

### ધારાસભ્ય તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં

# બગસરા શહેરની શાળા નંબર ૪માં નાના ભુલકાઓને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો

## દાતા તરફથી બાળકોને ૩૫૦૦૦ની નોટબુકસ ભેટ આપવામાં આવી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૨૭

રાજય સરકાર દ્વારા આયોજિત શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત આજે બગસરાની જેતપુર રોડ પર આવેલી શાળા નંબર ૪ ખાતે વિસ્તારના બાળકોને અધિકારીઓ તથા પદાધિકારીઓની હાજરીમાં શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ તકે દાતાઓ દ્વારા દાનની જાહેરાત પણ કરવામાં આવી હતી.

વિગત અનુસાર બગસરાના જેતપુર રોડ પર આવેલી શાળા નંબર ૪ ખાતે આજે રાજય સરકાર દ્વારા આયોજિત પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ધારાસભ્ય જે.વી. કાકડીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા તથા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન ધીરૂભાઈ કોટડીયા, પત્રકાર સમીરભાઈ વિરાણી સ્વસ્તિક શરાફી સહકારી મંડળીના ચેરમેન મનોજભાઈ મહિડા, નગરપાલિકાના સભ્ય મુકેશભાઈ ગોંડલીયા, કાળુભાઈ કિકાણી, પરસોત્તમભાઈ હીરાણી દ્વારા શાળામાં પ્રવેશપાત્ર ૪૭ બાળકોને કીટ અર્પણ કરી શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ તકે અમદાવાદ સ્થિત શેઠ સી. કે. પારેખ મેમોરિયલ રિલિજિયસ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપેન્દ્રભાઈ પારેખ તથા ગિરિશભાઈ પારેખ દ્વારા માતૃશ્રી ગૌ.વા. યમુનાબેન ચંપકલાલ પારેખના સ્મરણાર્થે શાળાના તમામ ૩૫૦ જેટલા બાળકોને સમગ્ર વર્ષ દરમિયાન લખવા માટે જરૂરી ૧૬૦૦ નોટબુક અંદાજિત કિંમત ૩૫,૦૦૦ની શાળાને અર્પણ કરવામાં આવી હતી. જેને ઉપસ્થિત આગેવાનો દ્વારા વધાવી લેવામાં આવી હતી. આ તકે સી.આર.સી. જયેશભાઈ દેસાઈ, દાતા નટુભાઈ ભુપતાણી તેમજ એસ.એમ.સી. અધ્યક્ષ અનિભાઈ શેખ અને શિક્ષણવિદ જગદીશભાઈ બુમતારીયા સહિતના ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય ડી.એમ. ઠાકર દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર શાળા પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### લગગાટ સાતમાં સંતવાણીનો કાર્યક્રમ

# ગઢીયાગીરમાં દાનબાપુની જગ્યામાં આજે સંતવાણીનો કાર્યક્રમ યોજાશે

## જગ્યાના મહંત હર્ષદબાપુ ભગતના સાંનિધ્યમાં આયોજન





ચલાલા, તા. ૨૭

સૌરાષ્ટ્રની જગ વિખ્યાત દેહાણ દાનબાપુની જગ્યા ના મહંત મહારાજ પુજય વલ્લકુબાપુના આશીર્વાદ અને પ્રશંન્નતાથી ગઢીયાગીરમા પ્રાકુતિક સૌદર્યમા નવી આકાર પામીરહેલ અંશાઅવતાર પુજય દાનમહારાજ ની જગ્યામા આજે તા.૨૮/૬/૨૦૨૫ શનીવારના રાત્રીના ૯ કલાકે ગઢીયાગીર ના મહંત હર્ષદબાપુ ભગતના સાનિધ્યમા અને માર્ગદર્શન મુજબ સંતો મંહતો, સેવકો અને મહાનુભવો ની ઉપસ્થિતીમા ખ્યાતનામ કલાકારો ધ્વારા આ વર્ષમા લગગાટ સાતમો ભવ્ય સંતવાણી કાર્યકમ યોજાશે..

આ ભવ્ય સંતવાણીના કાર્યકમમા ઉપસ્થિત રહેવા અને ભજન ભોજનનો અમુલ્ય લાભ લહેવા ધર્મપ્રેમી જાહેર જનતાને મહંત હર્ષદબાપુ ભગતે લાગણીસભર જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

આ વર્ષના લગગાટ સાતમા સંતવાણી કાર્યકમમા ખ્યાતનામ ભજનિક ગોંવદભા ગઢવી, આદિત્યદાન ગઢવી, ભરતભાઈ ખવડ, ધીરજ બારોટ, વિવેક ભાનુશાલી, ધાર્મિક ગજ્જર (સાંજીદા ગ્રુપ) સહિતના કલાકારો વિપુલ સાઉન્ડના સથવારે સંતવાણી ની રમઝટ બોલાવશે. ગઢીયાગીર તા. ધારી, જીલ્લો અમરેલીમા પુજય વલકુબાપુ ના આશીર્વાદ થી અંશાઅવતાર પુજય દાનમહારાજ ની નવી જગ્યા આકાર લઈ રહી છે. ત્યા મહંત હર્ષદબાપુ ભગત ની નીશ્રામા ભકિત, ભજન, અને ભોજન ત્રિવેણી સંગ ની સાથે ધર્મ ની ધજા ફરકી રહી છે..બંન્ને ટાઈમ હરીહર ના હાદ પડી રહ્યા છે..ગૌમાતા ની અકલ્પિય સેવાઓ થઈ રહી છે..મુંગા પશુપક્ષી ને ચણ નખાઈ રહી છે..બંન્ને ટાઈમ જાલરૂ વાગી રઈ છે..સનાતન ધર્મ નો જયઘોષ થઈ રહ્યો છે..આ બધી સેવાઓ ની સાથે સાવજો તરસ છીપાવા જગ્યા ની આજુબાજુ આટા ફેરા લગાવી રહ્યા છે..આવી વન પાકુતીક ના મનોહર ના વાતાવરણ મા ગઢીયાગીર આશ્રમમા પુજય દાનમહારાજ સહીત ના દેવો ના બેસણા છે..તેને વંદન કરવા એકવાર ચોક્કસ જોવા જેવુ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# સાવરકુંડલા ખાતે શ્રી દેવતણખી દાદાનું પુજન કરવામાં આવ્યું





સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા લુહાર જ્ઞાતિ સમાજ વાડીમાં લુહાર જ્ઞાતિ કારોબારી કમિટી દેવતણખી મંડળ ધ્વારા સવંત ૨૦૮૧ અષાઢ સુદ બીજના રોજ પૂજય શ્રી દેવતણખી દાદાના પ્રાગટય પ્રસંગે પૂજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે શ્રી દેવતણખી દાદાનું પૂજન, સવારે ૯ કલાકે તેમજ ધ્વજારોહણ ત્યારબાદ દેવતણખી દાદાની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજન વિધિમાં જીવરાજભાઈ નરશીભાઈ રાઠોડ પરિવારના વિનોદભાઈ જીવરાજભાઈ રાઠોડના (પુત્ર તથા પુત્ર વધુ) ભાવિકાબેન અલ્પેશભાઈ રાઠોડ પૂજન કરી હર્ષની લાગણી અનુભવી હતી. શ્રી દેવતણખીજીના પ્રાગટય પ્રસંગે સમસ્ત લુહાર પરિવાર સહભાગી બની પૂજયશ્રી દેવતણખીજીનું પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. તેમ મયુર રાઠોડે એક માહિતી આપી જણાવ્યું હતું.

# સાવરકુંડલા ખાતે શ્રી કે. કે. હાઈસ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો





સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા શ્રી કે. કે. હાઈસ્કૂલમાં ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન જીતુભાઈ કાછડીયા ( સા.કુ.તા.પં. પ્રમુખ)એ શોભાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે નૂતન કેળવણી મંડળના મે.ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા, ટ્રસ્ટી વિનુભાઈ રાવળ, ડો. ચિંતનભાઈ ભંડેરી, શરદભાઈ પંડયા (જી.ભાજપ ઉ.પ્રમુખ), રજનીભાઈ ડોબરીયા (તા.ભાજપ પ્રમુખ), મહેશભાઈ ભાલાળા (તા.ભાજપ મંત્રી), નગરસેવક હસુભાઈ ચાવડા, કેશુભાઈ બગડા તથા લાયઝન અધિકારી હેતલબેન વસોયા (સી.આર.સી. ભુવા)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમની શરૂઆત મહેમાનઓના વરદ હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ચેતનભાઈ ગુજરીયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. વિદ્યાર્થીઓ દ્વારા મહેમાનોનું પુસ્તક, પુષ્પગુચ્છ અને સ્વાગત ગીતથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ શાળાના વિદ્યાર્થી ભાઈ–બહેનો દ્વારા કન્યા કેળવણી, શિક્ષણનું મહત્વ, નારી શકિત વિષય પર મનનીય વકતવ્ય આપ્યું હતું. મહેમાનોના વરદ હસ્તે વર્ષ ૨૦૨૫–૨૬માં ધોરણ ૯ અને ૧૧માં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટની ભેટ અને ધોરણ ૧૦ અને ૧૨ (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ) બોર્ડની પરીક્ષામાં શાળા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થીઓને શાળાના પ્રિન્સિપાલ ચેતનભાઈ ગુજરીયાએ પોતાની પુત્રી પરિધિના સ્મરણાર્થે રૂ.૧૦૦૧નો રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ શાળાના ભૂતપૂર્વ શિક્ષક સ્વ.રતિલાલ ભંડેરી સાહેબની સ્મૃતિમાં એમની પુત્રી શ્રીમતિ પ્રતિક્ષાબેન ઓઝા દ્વારા ધોરણ ૧૨ સાયન્સમાં ભૌતિકશાસ્ત્રમાં સૌથી વધુ માકર્સ મેળવનાર વિદ્યાર્થી રૂપારેલ શુભમને રૂ.૫૦૦૦નો ચેક ડો. ચિંતન ભંડેરીના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

શરદભાઈ પંડ્યાએ પોતાના વકતવ્યમાં શિક્ષણની વર્તમાન અને ભૂતકાળની ભેદરેખા સમજાવી સરકારી–ગ્રાન્ટેડ શાળાઓ અને શિક્ષકોની શ્રેષ્ટતાને બિરદાવી હતી. નૂ.કે. મંડળના મેં.ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ સાથે શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. અધ્યક્ષ જીતુભાઈ કાછડીયાએ વિદ્યાર્થીઓ માટે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી ''સૌ ભણો... આગળ વધો''ના નારા સાથે ટૂંકું અને મનનીય વકતવ્ય આપ્યું હતું. શાળાના શિક્ષકા બહેન તૃપ્તિબેન ભરાડ દ્વારા આભારવિધિ કર્યા બાદ મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમનું સમગ્ર સંચાલન ધોરણ ૧૧ કોમર્સની વિદ્યાર્થીની બહેનો સોરઠીયા સોનિયા અને વ્યાસ હિના દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું અંતે વિદ્યાર્થીઓના મો મીઠા કરવા ચોકલેટનું વિતરણ કરાયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષિકા તૃપ્તિબેન, રીનાબેન, હેતલબેન, શિલ્પાબેન, ભૂમિકાબેન, અમિષાબેન, સર્વે ગુરૂજનો, વહીવટી સ્ટાફ અને ગજજ યુનિટના સ્વયંસેવકોએ ખાસ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી : દીપક હાઈસ્કુલમાં એસપી સંજય ખરાતની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી









સ્વામી વિવેકાનંદ વિદ્યા ભારતી ટ્રસ્ટ રૂપાયતન સંચાલિત દીપક હાઈસ્કુલના આંગણે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું તારીખ ૨૭/૬/૨૦૨૫ને શુક્રવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા મુખ્ય મહેમાન તરીકે નિરવભાઈ કારીયા અને ભોજલપરા પ્રાથમિક શાળાના આચાર્ય કુલદીપભાઈ દેવમુરારી ઉપસ્થિત રહેલા હતા. આ તકે સમગ્ર કાર્યકમકનું સંચાલન સંસ્થાના બાળકો ધ્વારા કરવામાં આવ્યું જેમાં સ્વાગત ગીત પ્રાર્થના અને શાબ્દિક સ્વાગત સાથે તમામ માનવતા મહેમાનોને આવકારવામાં આવ્યા. સ્વાગત પ્રવચન સંસ્થાના વડા. ડો. અમિતભાઈ ઉપાધ્યાય ધ્વારા કરવામાં આવ્યું. ધોરણ ૯ અને ૧૧ માં પ્રથમ દ્વિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ભાઈ બહેનોને અભિવાદિત કરવામાં આવ્યા તથા જુડોમાં રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવનાર ભાઈ અભય મકવાણાને પણ આ તકે સન્માનિત કરવામાં આવ્યા. અદયક્ષીય સંબોધનમાં ખરાત નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક આવકારેલા હતા તેમને સ્કુલબેગ પુસ્તકો અને નોટબુકસ આપવામાં આવ્યા તેમણે તેમના સંબોધનમાં સર્વે વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચતમ શિખરો સર કરવા માટે બહુ આર્થિક જરૂરિયાત નડતર રૂપ નહોવાનું જણાવેલું હતું અને કહેલું હતું કે મક્કમ મનોબળ, ઈચ્છા શકિત અને ચોક્કસ દિશામાં કરેલા યોગ્ય કાર્ય ધ્વારા જ આપણે આપણા ગોલ સુધી પહોંચી શકીએ છીએ તેમણે પોતાના જીવનના પણ કેટલાક પ્રસંગો રજુ કરેલા હતા. તો સંસ્થાના આટલા ૫૦ વર્ષ કરતા વધારે સમયના સંસ્મરણોને પણ તેઓએ વાગોળેલા હતા. સંસ્થાના મેનેજિગ ટ્રસ્ટી મુરબ્બી કાચા તરફ તેમણે કૃતજ્ઞતા વ્યકત કરેલી હતી અને તેઓ અચુક પણે સંસ્થામાં કોઈ પણ પ્રકારની ફોર્માલિટી વગર આવશે અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે. તેમને માર્ગદર્શન આપશે. તેવું તેમણે જણાવેલું હતું. કાચા બાળકોને આશીર્વચન સાથે આવકાર્યા હતા. કાર્યકમના અંતે સંસ્થાના શિક્ષક જીગ્નેશભાઈ પંડયા ધ્વારા આભાર વિધિ સંપન્ન કરવામાં આવેલી હતી. ખરાત હસ્તે વૃક્ષારોપણ કરી પ્રકૃતિનું જતન કરવાનો શુભ સંકલ્પ લેવામાં આવ્યો. આમ ઉત્સાહ અને ઉમંગ સાથે શાળા પ્રવેશોત્સવ સંપન્ન થયો. સમગ્ર કાયક્રમને સફળ બનાવાવ સલીમભાઈ કુરેશી, પ્રકાશભાઈ જોશી, જિગ્નેશભાઈ પંડયા વગેરે તમામ શિક્ષક ભાઈ બહેનો, આચાર્ય અને ટ્રસ્ટીગણે જહેમત ઉઠાવેલી હતી. તો વિદ્યાર્થીઓએ સુંદર શિસ્તાનો પરિચય પણ આપેલો હતો.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં અષાઢી બીજના પ્રસંગે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

અમરેલી, તા. ૨૭

શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીમાં આજરોજ અષાઢી બીજના પાવન ઉત્સવ ખુબ જ ઉંમગ અને શ્રધ્ધાપૂર્વક ઉજવાયો. ભગવાન જગન્નાથની આજે શોભાયાત્રા અનેક ભકતજનો શ્રધ્ધા–ભકિતથી પુજન કરે છે. ભગવાન કૃષ્ણ, બલભદ્ર અને બહેન શુભદ્રાના આશિષ પ્રાપ્ત કરે છે. જગન્નાથપુરી ઓડીશા તથા અમદાવાદમાં ભવ્ય શોભાયાત્રા નીકળે છે.

સંસ્થાના વિદ્યાર્થીઓએ આ પાવન પ્રસગે જગન્નાથનું પુજન કર્યુ હતું. આ પવિત્ર દિવસે સંસ્થાના નવા વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવ કરીને આવકાર્યા હતા. કુમકુમ તિલક કરી મો મીઠું કરાવીને ઉલ્લાસથી શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.



સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા, વિલાસબેન વઘાસીયા તથા શાળાના શિક્ષકગણ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આવકારીને શિક્ષણક્ષેત્રે પ્રગતિ કરે તેવી અંતરની શુભકામના પાઠવી હતી.

# જોલાપુર ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

કોવાયા, તા. ૨૭

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત ધારાસભ્યનું સમગ્ર જોલાપુર ગ્રામ પરિવાર તરફથી ઉમળકાભેર સ્વાગત કરી શણગારેલા ગાડામાં લોકપ્રતિનિધિ તથા આંગણવાડી બાલવાટિકામાં પ્રવેશ પામતા બાળકો એક સાથે શાળા સુધી સવારી કરી તથા ધારાસભ્યએ શાળામાં પા.પા. પગલી કરતા બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો જેમાં બાળકોને શૈક્ષણિક કીટ શાળા પરિવાર તરફથી તથા પ્રવેશ પામતા બાળકોને લંચ બોકસ, વોટર બોટલ તથા કંપાસ બોકસ ધારાસભ્ય દ્વારા આપવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીની વાઘ હેતલ દેવાયતભાઈ દ્વારા 'ઓપરેશન સિંદૂર' પર પોતાનું ખુબ જ સરસ વકતવ્ય આપવામાં આવ્યું. તથા વાઘ મૈત્રી ભગવાનભાઈ દ્વારા ''બેટી બચાવો બેટી પઢાઓ'' વિશે સરસ વકતવ્ય રજુ થયું. ધારાસભ્યએ આ કાર્યક્રમને પ્રવેશોત્સવ નહી પરંતુ સમાજોત્સવ તરીકે ગણાવી શિક્ષણનું મહત્વ સમજાવ્યું તથા બાળકોને શિક્ષિત કરવા વાલીઓને હાંકલ કરી ત્યારબાદ તેમણે બાલ વાટિકાના વર્ગખંડમાં પ્રવેશ પામતા બાળકોને પોતે એકડો ઘુંટાવી વર્ગ પ્રવેશ કરાવ્યો જે વિશિષ્ટ બાબત હતી તથા આ સાથે તેમણે નવી બનાવવામાં આવેલી આંગણવાડીનું લોકાર્પણ કરી આંગણવાડીના બાળકોને પ્રવેશ કરાવ્યો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જોલાપુર પાથમિક શાળાનાં બાળકોને કર્યુ તથા સમગ્ર આયોજન માટે શાળા તથા ગ્રામ પરિવાર દ્વારા વિશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# દેવભુમી દેવળીયા ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો



દેવળીયા, તા. ૨૭

દેવભુમિ દેવળીયા ખાતે શાળા પ્રવેશોત્સવ વર્ષ ૨૦૨૫–૨૬ અંતર્ગત શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આજના દિવસે આંગણવાડીના ૧૬ બાળકો દેવભુમિ દેવળીયા પ્રા. શાળાના બાલવાટીકાના ૧૭ બાળકો તેમજ માધ્યમિક શાળા ધોરણ ૯ના ૧૯ બાળકોનો પ્રવેશ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, રૂટ અધિકારી કમલભાઈ ભટ્ટ, તાલુકા પંચાયત સદસ્ય ભાવેશભાઈ સોલડીયા, એસએમસી અધ્યક્ષ રમીલાબેન સોલડીયા, પંચાયત સભ્યો જયેશભાઈ ચકરાણી, કંચનબેન માઘડ, વિપુલભાઈ રાઠોડ, નાથાલાલ સુખડિયા, દેવાંગીબેન આઈ સી ડી એસ તેમજ બોહળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી અને પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા તેમજ નાથલાલ સુખડિયા, ધ્વારા બાળકોને ઝોમ પુરૂ પાડનાર પ્રેરક ઉદ્‌બોધન કરેલ હતું અને શાળામાં રહેલ ભૌતિક સુવિધાઓ મધ્યાન ભોજન સેડ, નવું બાંધકામ થયેલ બિલ્ડીગ ધોરણ નવ દસ માટે તૈયાર થયેલા રૂમોનું નિરીક્ષણ કરેલ હતું અને શાળામાં ખુટતી જરૂરિયાતોને પુરી કરવાનું પ્રોમિસ પ્રમુખ ધ્વારા આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આભાર વિધિ શાળાના આચાર્ય અમરીશભાઈ રાજયગુરૂ ધ્વારા કરવામાં આવેલ હતી. આ કાર્યકમને સફળ કરવા શાળા પરિવારના શિક્ષકો ધ્વારા ઉતમ કામગીરી કરવામાં આવેલ હતી. આ અખબારી યાદી દેવભુમિ દેવળીયાના વતની અને ગ્રામ આગેવાન નાથાલાલ સુખડિયાની યાદી જણાવે છે.

## શિક્ષકનાં અભાવે વાલીઓના બહિષ્કાર વચ્ચે

# ખાંભા ખાતે પે-સેન્ટર શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી

## ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉજવણી



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૨૭

ગુજરાતમાં રાજય સરકાર શિક્ષણ વિભાગ વેકેશન ખુલતા દરેક જિલ્લા માં સરકારી શાળાઓમાં શાળા પ્રવેશત્સવ ઉજવી શાળામાં વિધાર્થી ઓને પ્રવેશ આપવા માટેના અલગ અલગ સરકારી શાળાઓમાં કાર્યક્રમ યોજી રહ્યા છે અને શિક્ષણ વિભાગ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ કેટલીક શાળાઓમાં સ્ટેટના અધિકારીઓની ઉપસ્થિતિ વચ્ચે કાર્યક્રમ યોજી રહ્યા છે પરંતુ અમરેલી જિલ્લામાં આવેલ ખાંભા શહેરમાં પે સેન્ટર કુમાર શાળા આવેલ છે અહી અલગ અલગ ૧થી ૮ ધોરણ આવેલ છે પરંતુ ધોરણ ૧થી ૫ ધોરણમાં ૪ શિક્ષકનું સેટઅપ છે ૪ મહિના પહેલા ૩ શિક્ષકોની બદલી થઈ જેમાં ૨ છુટા થયા ૧ શિક્ષક વય મર્યાદાના લીધે નિવૃત થયાં બાદ ચોથા મહિલા શિક્ષક માત્ર હાજર છે તેને છુટ્ટા નથી કર્યા માત્ર એક શિક્ષક ધોરણ ૧થી ધોરણ ૫ સુધીના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે આ અહીની શિક્ષણ વિભાગની વરવી વાસ્તવિકતા છે કેટલીક વખતે અલગ અલગ ધોરણના બધા વિદ્યાર્થીઓ એક સાથે બેસી શિક્ષણ લેતા હોય છે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે પરંતુ આ આલીશન બિલ્ડીંગ ધરાવતી સ્કૂલમાં શિક્ષણના નામે મીંડું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શાળામાં એસ.એમ. સી.કમિટી દ્વારા વાંરવાર શિક્ષકો આપવા માટે શિક્ષણ વિભાગના રજૂઆતો કરવા છતાં શિક્ષકોની નિમણૂક નહિ થતા શાળા પ્રવેશોત્સવનો બહિષ્કાર કરવા માટેની ચીમકી ઉચારતા આજે શાળા પ્રવેશોત્સવ શરૂ થાય તે પહેલાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો પોલીસની હાજરી વચ્ચે કાર્યક્રમ યોજાયો હતો શાળાની એસ.એમ.સી.કમિટી દ્વારા અવાર નવાર શિક્ષકોની નિમણૂક કરવા માટે રજૂઆતો કરવામાં આવતી હતી પરંતુ કોઈ શિક્ષણ તંત્ર દ્વારા પ્રયાને લેવાતી ન હતી જેના કારણે વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહેતા હતા આ વચ્ચે વેકેશન ખુલતા રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ શરૂ કરતા એસ.એમ.સી.કમિટી દ્વારા શાળા પ્રવેશોઉત્સવ કાર્યક્રમ કોઈ પણ સરકારી કાર્યક્રમ અહી નહિ કરવા માટે બહિષ્કાર કરવાનીચીમકી ઉચારી હતી જેના કારણે આજે શાળા પ્રવેશોત્સવ યોજાય તે પહેલા ખાંભા પોલીસ અધિકારી પોલીસ કર્મચારીઓ શાળામાં પોહચી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયા બાદ શાળામાં જિલ્લા શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિત વચ્ચે શાળા પ્રવેશત્સવ કાર્યક્રમ યોજાયો હતો .

પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ શેલડીયા ભારતીય જનતા પાર્ટીના આગેવાનો ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય જેવી કાકડીયા સામે નારાજગી સાથે રોષ વ્યકત કરી અમારા બાળકોને ઢ રાખવાનું કામ ધારાસભ્ય પર ઢોળી રોષ વ્યક્ત કર્યો હતો.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવા માટે પ્રથમ અમરેલી જિલ્લા શિક્ષણ વિભાગ તાલીમ ભવન આચાર્ય એ શાળા પ્રવેશઉત્સવ કાર્યક્રમ યોજવા માટે શાળાની એસ.એમ.સી.કમિટીને સમજાવટ કરી શિક્ષકો આગામી દિવસોમાં મુકવા માટેની ખાત્રી આપવામાં આવી હતી ત્યારબાદ મામલો થાળે પડ્યો હતો જોકે પ્રથમ વખત શાળ ામાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો શાંતિપૂર્ણ માહોલ વચ્ચે સરકારી કાર્યક્રમ હોવાથી ફોટો સેશન કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

આ શાળામાં રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ કર્યો પરંતુ શિક્ષકોજ નહિ હોવાને કારણે વાલીઓ વિદ્યાર્થીઓમાં રોષ હોવાને કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ વાલીઓની પાંખી હાજરી ગેર હાજરી જોવા મળતા આંગણવાડી કેન્દ્રમાં વર્કરોને વિદ્યાર્થીઓ સાથે બેસાડી કાર્યક્રમના ફોટો સેશન કર્યો હતો જો કે આજે શિક્ષણ વિભાગ દ્વારા મૌખિત વાતો કરવામાં આવી છે સોમવાર સુધીમાં શિક્ષકો મૂકી આપશું વાલીઓ જણાવ્યું કે જો શિક્ષકો નહિ મૂકે તો શાળામાં તાળા બંધી કરી જયાં સુધી શિક્ષક નહિ આવે ત્યાં સુધી તાળાબંધી રાખવા માટેની ફરીવાર વાલી ઓ એ ચીમકી પણ ઉચારી દીધી છે.

ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરાબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ४०૯૩૪

સ્વ. ડૉ. હિતેશ શાહની
શ્રવણ કાન–નાક–ગળાની હોસ્પિટલમાં
તારીખ : ૨૭–૦૬–૨૦૨૫ અષાઢી બીજ થી... નિયમિત મળશે.
ડૉ. કૃતિકા હિતેશ શાહ
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
: ઉપલબ્ધ સારવાર :
એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
સ્વર પેટીના મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
$CO_2$ સર્જરી
થાઈરોઈડ, બાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241







ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪






આ કથન વાત સમગ્ર માનવજાત જાણે છે. સમજે છે, વિચારે પણ છે. તેમ છતાં ધનમાંથી માણસ બહાર નીકળી શકતો નથી. ધનનું આ મણ જ એવું છે કે સામે મોત દેખાતું હોવા છતાં પહેલા ધનની પસંદગી કરશે. ઈશ્વરે એવી જીજીવિષા માણસમાં મૂકેલી છે કે, ભગવાનને ભૂલી ધનની પાછળ દોટ મુકશે.

ધન ન હોવું કે ધન પ્રાપ્ત કરવું ન જોઈએ. એવું કહેવાનો અર્થ નથી. ધન જરૂરી છે. જીવનનિર્વાહ માટે. ધન વિનાનો માનવી ધૂળ–કાંકરા સમાન બની જાય છે. કહ્યું છે ને નાણાં વિનાનો નાથિયો ને નાણે નાથાલાલ એ પણ જાણીએ છીએ કે પૈસો હશે તો એની પાછળ શાન–શકિત આવશે જ. પણ એ વાત એટલી સાચી છે કે ધન પૈસો કેટલું કમાયા કે કેટલું ભેગું કર્યુ એ મહત્ત્વનું છે. અવળ રસ્તેથી આવેલુ ધન માણસને અવળે રસ્તે જ દોરી જાય છે. અનેક દોષો તેને દોરી વળે છે ને ધન હોવા છતાં શારીરિકને માનસિક રીતે તે બરબાદ થઈ જાય છે. એટલે જ કહ્યું છે ને, સુરા, સુંદરી, સંપત્તિએ નરકનાં દ્વાર છે.

જો યાદ હોય તો કરો કે આપણાં ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી, ગુબજારીલાલ નેહ, આપણાં પૂર્વ ગૃહપ્રધાન સરદાર પટેલ, એનાથી આગળ પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. કલામ એમની પાસે શું હતુ ? અરે બે જોડી કપડાં પણ સાંધી, થીંગડાં મારી પહેરતા હતા. આજના જેવાં મોટાં માછલાં નહોતાં કે ધરાતા જ નથી. શું એમની પાસે સત્તા નહોતી ? ધારે તે કરી શકતા હતાં. પણ નહિ ગાંધીને માગે આ બજાર કદી અવળે રસ્તે જાય જ નહી. જયારે આજનો એક લે ભાગુ, રખડુ, આવાસ, વ્યભિચારી, ભ્રષ્ટાચારી, કાર્યકર બે વર્ષમાં મોટરમાં ફરવા લાગે છે. બંગલાઓમાં રહે છે. જમીન ભયદાદની તો વાત જ નહિ. અરે હાઈકોર્ટનાં જજ સાહેબના બંગલામાં ન ગણી શકાય. એટલા નોટોનાં બંડલો નીકળ્યાં. આ તો છોડે ચડયો તે ચોર બાકીના બધાં દુધે ધોયેલાં છે ?

# "ધન ધન કરતા માણસની આગળ નિધન કયારે લાગી જાય છે એની ખબર રહેતી નથી"

# પગદંડી/લેખન



## – પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા

અગાઉ કહ્યું તેમ ધન જીવનમાં જરૂરી છે. સીનીયર સીટીઝન પાસે તો ખાસ જીવનનીર્વાહ માટે પોતાની મરણ પૂડી હોવી જ જોઈએ. સંતાનો બધાંને પ્રાણથી પ્યારા હોય છે. બધાંની આશા હોય છે કે છોકરાંઓ મા–બાપને જરૂર સાચવશે. એમના ઘડપણની લાકડી બનશે. પણ એ લાકડી કયારે વડીલોના વાંસામાં લાગશે એની ખબર હોતી નથી. જો તમારી પાસે મરણ મૂડી હશે તો જીવનના અંત સુધી તમને સાચવશે. અન્યથા કાગડા–કુતરાની તો લે જીવવાનો વારો આવશે. અમરેલીમાં ચાલતા અને ચલાવતા શ્રવણ ટિફિન કેન્દ્રનાં સંચાલક ભીખુભાઈ અગ્રાવતને પૂછી જોજે વૃધ્ધોની શી હાલત અને દશા છે ? અમરેલી શ્રી રાજુભાઈ પરીખને બધા સલાહ શીખામણ આપતાં હોય છે કે ૬૦ વર્ષ પછી ત્રણ શબ્દો ગાંઠે બાંધી લેવા, ચાલશે, ગમશે ને ફાવશે. શું આ ત્રણ શબ્દોથી જિંદગી પૂરી થશે ?

એક પ્રસંગ યાદ આવે છે. એક વિધુર પિતા તેના દીકરા અને વહુ ભેગા હતા. વૃધ્ધનાં કર ચાલ્યા ત્યાં સુધી બરાબર ચાલ્યું વૃધ્ધ ખાટલે પડયા એટલે સંતાનોનો વ્યવહાર, વાણી, વર્તન બદલાઈ ગયા છે. એક નાની ઓરડીમાં રાખ્યા. શરૂઆતમાં ખબર અંતર પૂછતાં પણ પછી એમાં અંતર પડવા લાગ્યું રાત્રે છોકરો ઘેર આવે ત્યારે ખબર અંતર પૂછે પણ બાપ દુઃખી હતા. વહુ સમયસર આવે નહિ. ચા–નાસ્તો, ભોજન, સમયસર આવે નહિ. બૂમો પાડીને થાકી જવાય. છોકરાએ વચલો રસ્તો કાઢયો. બાપાને એક ઘંટડી આપી. જરૂર હોય ત્યારે ઘંટડી વગાડવી ને વહુ આવે.

એક દિવસ આખો દિવસ પાણી ખોરાક વિના દવા વિના પસાર કરવો પડયો. સાંજે છોકરાએ આવી બાપાને પૂછયું બાપાએ બળાપો કાઢયો. છોકરાએ પત્નીને પૂછયું તો પાણી કહે બાપાએ ઘંટડી વગાડી જ નથી. મને કેમ ખબર પડે કે બાપાને શું જોઈએ છે ? ઘંટડી ગોતી પણ ન મળી, નાના દીકરાને પૂછયુ તો દીકરો કહે હા મે ઘંટડી સંતાડી દીધી છે તેનાં પપ્પા ગુસ્સે થઈ બોલ્યા. શા માટે દાદાની ઘંટડી લઈ સંતાડી દીધી ? તો છોકરાએ જવાબ આપ્યો. પપ્પા એટલા માટે કે તમે મોટાં બનશો, દાદાજી જેવડાં ત્યારે મારે તમને ઘંટડી આપવી પડશે ને. પેલી કહેવત જેવું છે ઘેરઘેર માટીનાં ચૂલાં, તેમ છતાં આવા અફાટ ખારા સમદરિયા, સંસારમાં કેટલીક મીઠી વીરડીઓ પણ છે ને હશે.

અંતમાં એટલું કહેવાનું મન થાય કે દરેક મનુષ્યનાં હાથમાં જન્મ કે મૃત્યુ નથી પણ જન્મ અને મૃત્યુની વચ્ચેને જીવન ક્ષેત્ર છે તેમાં એવી વાવણી કરીએ કે જીવનપર્યત અને જીવનાંતે તેની લાગણી સારી રીતે થઈ શકે. ૧૦૦ દિવસ બકરી માફક જીવવું એના કરતાં એક દિવસ સિંહની માફક જીવવું ઉત્તમ ગણાશે. ભગવાન સૌને સન્મતિ આપો.



# બાલ એક્સપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## જંગલમાં ચિંતાનું હવામાન

## જાનું અને સોનેરી માછલી (બાળવાર્તા સંગ્રહ) પ્રકાશ કુબાવત

નંદપુરની બાજુમાં જ નંદનવન આવેલુંહતું. નંદપુરમાં ઘણા બધા વાનરો રહે. જંગલ નજીક હોવાથી વાનરો નંદપુર અને નંદનવન વચ્ચે આવજા કર્યા કરે.બધા વાનરોમાં વિનુ વાંદરાને જંગલના એલિશ હાથી સાથે બહુ બને. બંને આખો દિવસ લગભગ સાથે જ હોય. જોકે એલિસ નંદપુરમાં જતો નહી પણ મોટા ભાગે વિનુ જ નંદનવનમાં આવતો.બંને બહુબુદ્ધિશાળી હતા. એક દિવસ માધવને પતંગ ચગાવતો જોઈને વિનુ બહુ દુઃખી થયો. તેને ગયા વખતની ઉત્તરાયણ યાદ આવી ગઈ.તે સીધો નંદનવનમાં ગયો અને એલિસને કહ્યું, ગયા વખતે ઉત્તરાયણમાં ઘણાં બધાં પંખીઓ ઘાયલ થયાં હતાં. લોકોને પ્રાણીઓ પ્રત્યે સંવેદના જ રહી નથી. તે ફકત પોતાનો જ સ્વાર્થ જુએ છે. મનાઈ હોવા છતાં પ્રતિબંધિત દોરાનો ઉપયોગ કરે છે.ઘણા બધા દોરાના ગુચ્છા ઝાડમાં લાંબો સમય લટકતા હોય છે. પક્ષીઓના પગમાંઆ દોરા ભરાઈ જતાં તે ખૂબ હેરાન થાય છે, ઊડી પણ શકતાં નથી. કેટલાંક પક્ષીઓ તરફડીને મોતને પણ ભેટતાં હોય છે.આપણે ઉત્તરાયણ આસપાસ પક્ષીઓને બચાવવા કંઈક વિચારવું પડશે. પક્ષીઓનું દુઃખ મારાથી જોવાતું નથી. વિનુની વાત સાંભળી એલિસ પણ દુઃખી થયો. આ વખતે કોઈ પણ ભોગે પક્ષીઓને બચાવવાનો તેણે નિશ્ચય કર્યો.ઉત્તરાયણને હજી પંદર દિવસની વાર હતી. દરરોજ તે બંને વિચારતા પણ નક્કર પરિણામ સુધી પહોંચી શકતા નહીં. બંનેને રોજ ઉદાસ જોઈ રૅટી ઉંદરથી ન રહેવાયું. તે ઝાડની બખોલમાંથી રોજ વિનુ અને એલિશને ઉદાસ જોતો. આજે હિંમત કરીને રૅટીએ પૂછયું, "કેમ ઉદાસ છો ? હમણાંથી રોજ હું તમને ઉદાસ જોઉં છું."

વિનુએ ઉત્તરાયણમાં પક્ષીઓ ઉપર શું વીતે છે તે જણાવ્યું. રૅટી પણખૂબ જ દુઃખી થયો. તે બોલ્યો, "જો હું તમારા કામમાં આવી શકીશ તો એ મારૂ સદ્‌ભાગ્ય લેખાશે."રૅટીની વાતથી વિનુ ખૂબ જ ખુશ થયો. તેના મનમાં એક ઝબકારો થયો. તેના ચહેરા પર એક ખુશીની લકીર તણાઈ ગઈ. એલિસ અને રૅટીથી તે અછાનું ન રહ્યું. "એ તો ઠીક પણ ત્યાં આવીને અમારે કરવાનું શું?" એલિસ બોલ્યો.કહું જ છું. તમે ધ્યાનથી સાંભળો."સૌપ્રથમ એલિસે પક્ષી ફસાયેલ હોય તે ડાળને સૂંઢથી બટકાવી નાખવી. પછી હળવેકથી ડાળને નીચે મૂકવી.""હવે રૅટીએ તેના તીક્ષ્ણ દાંત વડે પક્ષીના પગમાં ફસાયેલ દોરાને કાપી



"બોલ, બોલ. પક્ષીઓને બચાવવાનો શો ઉપાય તને મળ્યો ?" બંને બોલી ઊઠયા." આપણે ઉત્તરાયણના એક અઠવાડિયા અગાઉ અને ઉત્તરાયણ પછીના એક અઠવાડિયા સુધી પક્ષીઓનું ધ્યાન રાખવાનું છે. તેના માટે હું કહું તેમ આપણે કરીશું તો ચોક્કસ સફળ થઈશુંઅને પક્ષીઓનો જીવ પણ બચી જશે." વિનુ બોલ્યો."તું જલદીથી બતાવ. આપણે શું કરવાનું છે?" એલિશ બોલ્યો."તો સાંભળો. સૌપ્રથમ હું રોજ સવાર–સાંજ આખા નંદપુરમાં ચક્કર મારીશ. જો કોઈ પક્ષી ઝાડમાં પતંગના દોરામાં ફસાયેલ હશે તો તેની માહિતી મેળવીશ. તમારે બંનેએ હું કહું તે વૃક્ષ પાસે આવવાનું." વિનુ બોલ્યો.

નાખવા. આથી પક્ષી પાછું ઊડવા માંડશે." વિનુ બોલ્યો.એલિસ અને રૅટી વિનુ ઉપર ખૂબ જ ખુશ થયા. બધાને વિનુનો ઉપાય ખૂબ જ પસંદ પડી ગયો.ઉત્તરાયણ અગાઉ થોડા દિવસ અને ઉત્તરાયણ પછી અઠવાડિયા સુધી વિનુ દરરોજ નંદપુરનાં બધાં વૃક્ષોની સવાર–સાંજ તલાશી લેતો. એલિસ અને રૅટીને પરિસ્થિતિથી અવગત કરતો. એલિસ અને રૅટી દરરોજ આ રીતે બે–ચાર પક્ષીઓને નવજીવન બક્ષતા.ઉત્તરાયણ બાદ બધાં પક્ષીઓએ તેમના નેક કામને ખૂબ બિરદાવ્યું.આજ વિનુ બહુ ખુશ હતો, કારણ કે આજે આકાશમાં એક પણ પતંગ દેખાતો ન હતો.

## ભાષણ પહેલાંનું કામ : લલ્લુભાઈ મ. પટેલ

## ગાંધી–ગંગા



(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી



એક વાર ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી લંડન ગયા હતા. આફ્રિકાના એક મહાન હિંદી નેતા તરીકે તેમની કીર્તિ લંડનમાં પણ ત્યારે પ્રસરેલી હતી. તે સમયે ઘણા હિંદીઓ લંડનમાં રહેતા હતા. તેમાંના કેટલાક ક્રાન્તિકારી યુવાનો હતા અને કેટલાક વિદ્યાર્થીઓ હતા. એ બધા હિંદની આઝાદી ઝંખતા હતા. ગાંધીજીની હાજરીનો લાભ લઈ તેમણે લંડનમાં એક સમારંભ રાખવાનું વિચાર્યુ. સમારંભનો કાર્યક્રમ એટલો જ હતો કે પહેલું ભોજન અને ત્યાર પછી ભાષણો.

યુવકોએ ગાંધીજીને પ્રમુખપદ લેવાની વિનંતી કરી. પ્રમુખપદનો સ્વીકાર કરતાં ગાંધીજીએ એક શરત તેમની સમક્ષ મૂકી. તે એ કે ભોજન શાકાહારી હોવું જોઈએ અને તેમાં દારૂનો સમાવેશ ન જ થાય. યુવાનોએ ગાંધીજીની શરત માન્ય રાખી.

આફ્રિકાની લડતના વિજેતા ગાંધીજી પ્રમુખપદે આવવાના હતા એટલે યુવાનો સુંદર ભાષણની અપેક્ષાએ ખુશમિજાજમાં હતા. થાળીઓ સાફ કરવી, શાકભાજી સમારવાં વગેરે કામો કેટલાક યુવકોએ જાતે જ વહેંચી લીધાં અને હોંશથી કામે લાગી ગયા. ગાંધીજી પણ સમારંભના સમય કરતાં છએક કલાક વહેલા પહોંચી ગયા અને યુવકો સાથે કામમાં લાગી ગયા. કોઈને કશી ખબર નહીં કે સમારંભના પ્રમુખ ગાંધીજી પણ તેમની વચ્ચે જ બેસીને વાસણો સાફ કરી રહ્યા છે.

સમારંભનો સમય થવા આવ્યો. આગેવાનો હોલના દરવાજા પાસે આવીને ગાંધીજીના સ્વાગત માટે ઊભા રહ્યા. પણ ગાંધીજી આવ્યા નહીં ! કોઈકે કહ્યું કે મિ. ગાંધી આજે મોડા થયા છે માટે ભોજનની વ્યવસ્થા જોઈ લઈએ. તેથી એક આગેવાન અંદર ગયા. એક પાતળો યુવાન બીજા યુવકો સાથે બેસી રસોડાનું કામ કરી રહ્યો હતો. તેના પર દૃષ્ટિ નાખી અચંબાભરી આંખે તેટગર ટગર જોઈ રહ્યા. બીજાને વહેમ ગયો કે કોઈ સી. આઈ. ડી. ઘૂસી ગયો છે કે શું ? આખરે હિંમત કરી તેણે પૂછયું, "એ કોણ છે ?"

"મિ. ગાંધી. આજના આપણા સમારંભના પ્રમુખ પોતે જ !" પેલા આગેવાને શરમાઈને કહ્યું.કર્ણોપકર્ણ વાત આગળ વધી અને સમારંભ માટે આવેલા બધાને ખબર પડી કે જેમની રાહ જોઈ આપણે બેસી રહ્યા છીએ તે મહેમાન તો રસોડાનું કામ કરી રહ્યા છે ! બધાના દિલમાં ખળભળાટ મચી ગયો."અરે મિ. ગાંધી પાસે આવું કામ લેવાય ?" કેટલાક બોલી ઊઠ્યા.

ક્રાન્તિકારી યુવાનો ગાંધીજીની આ રીત જોઈ વિસ્મય પામ્યા. તેઓ તેમની પાસે દોડી ગયા અને હાથ જોડી કામ બંધ કરવાની વિનંતી કરી.

ગાંધીજીએ કહ્યું, "ના, હવે પૂરૂ કરીને જ ઊઠીએ."

પછી થાળીઓ પીરસાઈ. ગાંધીજીએ પીરસવામાં પણ ભાગ લીધો અને ભોજન બાદ પ્રમુખસ્થાનેથી ભાષણ પણ કર્યુ.

## સમયની શિસ્ત અને સંસ્કાર

જે યુગમાં આપણા વિદ્યાર્થીઓ અને સંતાનોને આપણે રમતા મૂકવાના છે એ સમયની શિસ્તથી સ્વયમેવ સંપન્ન છે. બાળકને પ્રારંભથી જ સમય પ્રમાણે વર્તવાનું સમયને અનુસરવાનું શીખવી. વળી જેમ જેમ એનામાં સમયની શિસ્ત આવતી જાય તેમ કે એ કોઈ મોટી સિદ્રિ હોય એમ એની સરાહના કરતા જાઓ કારણ કે આવનાર યુગ માટે એ ખરેખર મોટી સિદ્રિ છે. એને ઘડિયાળ કેલેન્ડર મન્થલી પ્લાનર ટુ ડુ લિસ્ટ એપોઈન્ટમેન્ટ આ બધા પ્રકારના ટાઈમ કલ્ચરથી પરિચિત બનાવો. શકય એટલી વહેલી ઉંમરે એને ડાયરી રાખવાની અને એમાં નોંધ કરવાથી ટેવ પાડો. દસ વર્ષની વય પછી બાળકને આગલા કાર્યક્રમો અને પાછલા પ્રસંગો વિશે પૂછો અને એ યાદ

### શિશુવંદના

ગિજુભાઈ ભરાડ

રાખવાથી જરૂરિયાત સમજાવો તો જ આગળ જતા એ હિસાબમાં પણ હોશિયાર નીવડશે. સાયની શિસ્ત એક એવી વિધા છે જેને અનુસરીને અન્ય કેટલીક ઉપવિધાઓ આપોઆપ હાંસલ થાય છે. સમયપાલનથી સમાજમાં જે વિશ્વસનીયતા અને સન્માન મળે છે તે અન્ય કોઈ માર્ગે મળતા નથી.

## ભાગ–૫ શ્રીમતી કાન્તાબહેન એમ. પટેલ

અહીં એક તેલની ફેકટરી પણ છે, જેમાં કોપરામાંથી તેલ કઢાય છે. તે જોવા અમે ગયા. પણ ફેકટરી બંધ હતી. આવી જ રીતે એક ટી–શર્ટ બનાવવાની ફેકટરી પણ હતી. તે પણ બંધ પડી હતી.

### લક્ષદ્વીપ–પ્રવાસ

સ્વામી સચ્ચિદાનંદ

પ્રકાશક : ગુર્જર પ્રકાશન

છતાં બંને ફેકટરીઓ અમે જોઈ અને કેટલાક લોકોએ ટી–શર્ટ ખરીદ્યાં પણ ખરાં. આ બધી ફેકટરીઓ સરકારી તંત્ર હસ્તક હોવાથી ચાલે તોય વાહવાહ અને બંધ પડે તોય વાહવાહ જેવી સ્થિતિ છે. જો ખાનગી માલિકીની હોત તો કદાચ ધમધમતી હોત. બહુ મોડેમોડે પણ સરકારીકરણનું અનિષ્ટ ભારતને સમજાયું અને હવે ખાનગીકરણને પ્રોત્સાહન આપવાનું ચાલુ કર્યુ છે. અહીં પુષ્કળ નાળિયેરીઓ થાય છે, તેથી કોપરાનું તેલ પણ ઘણું ઉત્પન્ન થાય છે. કોપરાંને પીલીને તેલ કાઢી લીધા પછી બાકી રહેલા ખોળ તરીકે કોપરાને ઝીણુંઝીણું કરીને પ્રવાસીઓને એકએક પેકેટ ભેટ આપવામાં આવે છે. બધાં પ્રવાસીઓ ખુશખુશ થઈ ગયાં. પણ ક્રૂઝ ઉપર આવીને એક પેકેટ તોડીને છીણને ચાખ્યું તો જરાય સ્વાદ ન આવે. કારણ કે તેમાં તેલનો છાંટોય ન હતો. સાવ લુખ્ખું અને કોરૂ હતું. તો પણ અમે તેને ભારત લઈ આવ્યા. કદાચ જીવનનું પણ આવું જ છે. તમારામાં તેલ હોય તો જ સ્વાદ હોય. તેલ નીકળી જાય તો તમે પણ બેસ્વાદ–લુખ્ખા થઈ જાઓ. સંસ્કૃતમાં તેલને 'સ્નેહ' પણ કહેછે. તેથી સ્નિગ્ધ શબ્દ બને છે. સ્નેહ એટલે પ્રેમ, ચીકાશ. તમારા વ્યવહારમાં જેટલી ચીકાશ વધારે તેટલા તમે વધુ વહાલા લાગો. ચીકાશનાં અનેક રૂપ છે, પણ સૌથી મોટી ચીકાશ પૈસો છે. તમારી પાસે પૈસો છે તો ચીકાશ છે. તો લોકો તમને જોઈતાં બહાર ફાંફાં નહીં મારે અને જે ફાંફાં નહીં મારે તેને જ તૃપ્તિ હશે. માણસ માણસથી તૃપ્ત થાય એથી વધારે બીજી કોઈ તૃપ્તિ નથી. જે લોકો ધર્મપરાયણ હોય છે તેમને આવી પ્રેરણા બચપણથી મળતી હોય છે અને તેથી તેઓ ગૃહતૃપ્તિ અનુભવતાં હોય છે. જેમને ગૃહતૃપ્તિ હોય તેમને જ ગૃહશાંતિ પણ હોય. આવા લોકોને શાંતિ માટે નવચંડી કરાવવાની જરૂર રહેતી નથી.



બાલમિત્રો,

શાસ્ત્રોમાં કહેવાયું છે કે, 'વિદ્યાધન વિશ્વે વડું' વિદ્યારૂપી ધન વિશ્વમાં ખુબ મોટું છે. જ્ઞાન પુરુષ કયારેય દુઃખી ન હોય, પૈસો કદાચ ન હોય તો પણ એ સુખી હોય છે. કરવી કે વિદ્યારૂપી ધન કમાનાર માણસ જીવનની અંત સુધી માન–સન્માન મેળવે છે. જયારે ધનવાન માણસને ત્યાં સુધી જ માન સન્માન મળે છે. જયાં સુધી તેની પાસે ધન હોય છે.

તમને થશે કે પૈસા, નાણા વિના કેમ ચાલે ? સાચી વાત છે. પૈસા વિના ન ચાલે, જીવનમાં પૈસો હોવો જ જોઈએ. પણ એ પૈસો નાણું યોગ્ય રીતે એકહું કરેલું હોવું જોઈએ. અવળે રીતેથી ભેગું કરેલુ ધન અળવે રીતે જ ચાલ્યું જાય છે. જયારે વિદ્યારૂપી ધન તો માણસને આજીવન સાથી મિત્ર બની રહે છે. કયારે વિદ્યા દગો ન આપી શકે.

વળી બાળમિત્રો, પૈસો તો વાપરતાં ખુટી જશે. પણ વિદ્યાધન જેમ જેમ વાપરીશું એમ એમ એમાં વૃધિ થતી જશે. બેવડાશે તે જીવન સમૃધ્ધને સુગંધી બનાવશે નક્કી તમારે કરવાનું છે કે તમારે કશું ધન જોઈએ છે. પૈસા રૂપીધન કે વિદ્યાધન.



## વનકો જોડા લઈ ગયો

'કાલે આપણી નિશાળમાં વિના જોડા કો'ક લઈ ગયું. કહે છે કે વનકો લઈ ગયો. વનકો છે જ એવો !'

'તને ઈ કોણે કહ્યું ?'

'મને તો લખડો કહેતો'તો.

'પણ લખડો કયાં સાચું બોલે છે ? ચાલ, લખડાને પૂછીએ.'

'હેં લખડા ! વનકો વિના જોડા લઈ ગયો, ઈ વાત સાચી કે ?'

'ભાઈ ! મને બરાબર ખબર નથી. પણ રામકો કહેતો'તો કે છનકે એને કહ્યું કે વનકો જોડા લઈ ગયો છે.'

'ચાલો ત્યારે છનકાને જ પૂછીએ.'

'એલા છનકા ! આ વિના જોડા કોણ લઈ ગયું ?'

'કોણ શું ? –વનકો લઈ ગયો.'

'તને કયાંથી ખબર ?

'મને તો ભગલો કહે છે કે વનકો જોડા લઈ ગયો છે.'

'આ ભગલો આવે ! અલ્યા ભગલા, તેં વનકાને જોડા લેતાં ભાળ્યો'તો કે ?

'ભાઈ, ભાળ્યો તો નથી. ઓલ્યો રવલો કે'તો'તો કે વનકો જોડા લઈ ગયો... પણ આ વિો આવે. 'અલ્યા વિા ! તારા જોડાની તપાસ કરીએ છીએ કહે છે કે વનકો લઈ ગયો છે.'

'હા ભાઈ ! ઈ જ લઈ ગયો છે. મને ઓલ્યો રામલો કહેતો હતો કે રવલો કહે છે કે વનકો ચોર છે.'

'ચાલો ત્યારે રવલાને પૂછીએ.'

'એલા રવલા ! આ વિના જોડા વનકો લઈ ગયો છે ?''ઈ નહિ તો બીજો કોણ લઈ જાય ?'

'તેં જોડા લેતાં ભાળ્યો'તો કે ?

'હું કાંઈ ત્યારે પાસે ઊભો તો ? એ તો ભીમલો કહેતો'તો કે વનકો લઈ ગયો છે.'

'એલા ચાલો બધા, ભીમલાને ઘેર ચાલો.'

'હેં ભીમલા ! તેં તો વનકાને જોડા ચોરતાં ભાળ્યો'તો ને ?''ભાઈ ! મેં મારી નજરે નથી ભાળ્યું. કો'ક કહેતું'તું કે વનકો ચોર છે !'

### બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)

## સ્વતંત્ર ઓળખની શોધ

ઘરમાં બધું જ પપ્પા મમ્મી કરે તો પછી આખા ઘરમાં બાળકનું શું એણે ઓઈલકલરથી દોરેલો કલોથ ચિત્રમાંથી ઓશિકાનું કવર થઈ શકે આખા દિવસમાં મમ્મીના માથામાં એક વાર કાંસકો ફેરવવાની તક મળે કે પપ્પાના શર્ટની બાંયુનું બટન બંધ કરવાથી તક મળે તો બાળકને તો ભયો ભયો બાળક ચિત્રકલા ભુલિ જાય એની આપણે રાહ જોઈએ છીએ ભગવાનના ફોટા મઢવીને ભીંત ભરીએ છીએ તો બાળકના દોરેલા એકાદ બે ચિત્રને સાદી ફ્રેમમાં મઢવીને ડ્રોઈગ રૂમમાં ન લગાવી શકાય એના અવાજને ખંજરીના તાલ સાથે ટેપ કરીને એ કેસેટ ઘરમાં કયારેક કયારેક વગાડીએ તો મહેમાનો સાથે બેસીને તડકા મારો ભલે વચ્ચે બે મિનિટ ફાળવી બાળકનું કશુંક સારું કામ કંઈ નહીં તો સારા અક્ષર મહેમાનોને બતાવો અરે એના નવા બૂટ બતાવવાનું કહો એને પોતાની સ્વતંત્ર ઓળખની શોધ હોય છે. એ એમને એમ નહી મળે એ માટે એને અનેક તક અવકાશ તમારે આપવા પડશે. અને પછી એમાંથી જ એકાદ કેડી વિશાળ રાજમાર્ગ બની જશે.

## વિચાર માળાનાં મોતી

રોટલો કે રળવો નહિ – પણ દરેક કોળિયાને વધુ મીઠો કેવી રીતે બનાવવો, તે કેળવણી મારફત આપણે પહેલું શીખવાનું છે.

કેળવણી એટલે આપણો મિજાજ કે આત્મવિશ્વાસ ખોયા વિના લગભગ હરકોઈ વાત સાંભળવાની શકિત.

એક મહાપુરૂષ એવો હોય છે કે જે દરેક માણસને તેની લઘુતાનું ભાન કરાવે છે. પણ સાચો મહાપુરૂષ તો એ છે કે દરેક માણસને એની મહત્તાનું ભાન કરાવે છે.

મારૂ બાવલું શીદને ખડું કરવામાં આવ્યું છે ? – એવું લોકો પૂછે, તેના કરતાં તો બહેતર છે કે મારા માનમાં કોઈ બાવલું કેમ નથી, એવું પુછાય.

# એક બિલાડો જાડો...

મોન્ટુ મદનિયું માંદું હતું. મમ્મીએ સૂચના આપી, 'આજે તારે સ્કૂલે જવાનું નથી.'

'પણ મમ્મી, મને તો સ્કૂલે જવાનું ગમે છે. ઘરે બેસીને તો હું કંટાળી જઈશ.'

'તારે આરામની ખૂબ જરૂર છે, બેટા! તને કંટાળો આવે તો વાર્તાની કોઈ ચોપડી લઈને વાંચ.'

એ વખતે ઘરની બહારથી 'મ્યાંઉં મ્યાંઉં.' નો અવાજ સંભળાયો. મદનિયું દોડયું ઘરની બારી તરફ. તેનું ઘર હતું પહેલા માળ. નીચે બે બિલાડા ઊભા હતા. એક બિલાડો જાડો હતો અને બીજો બિલાડો પાતળો હતો. બંને પરસ્પર ઝઘડી રહ્યા હતા.

'મ્યાંઉં મ્યાંઉં... તું પાતળો...' એક કહેતો હતો.

'મ્યાંઉં મ્યાંઉં... તું જાડો...' બીજો કહેતો હતો.

'તું સાવ પાતળો...'

'તું સાવ જાડો...'

બંનેને આમ ઝઘડતા જોઈને મોન્ટુને મજા આવવા લાગી.

જાડો બિલાડો પાતળાને જોઈને ખી..ખી.. કરીને હસી રહ્યો હતો. 'મેં આજ સુધી તારા જેટલો પાતળો બિલાડો જોયો નથી. તું અહીંનો તો નથી લાગતો. પાતળા બિલાડાઓના ગામમાંથી આવ્યો લાગે છે. તને ઘરનાં લોકો ખાવા માટે કાંઈ આપે છે કે નહિ ?'

પાતળા બિલાડાએ ઉત્તર આપ્યો, 'ભાઈ, હું અહીં જ રહું છું. તું મને પહેલી વાર જુએ છે તે અલગ વાત છે. અને હા, મને ઘરનાં લોકો ખાવાનું ખૂબ આપે છે; અને હું તો બહુ ખાવામાં માનતો નથી. પેટ ભરાય એટલું જ ખાઉં છું. એટલે મને ચાલવામાં ને દોડવામાં કોઈ તકલીફ થતી નથી.'

જાડા બિલાડાથી રહેવાયું નહિ. કહ્યું, 'જા હવે જા. જૂઠું | તો તને ખબર પડી જાય.'



ન બોલ. તારૂ શરીર જોઈને કોઈ પણ કહી શકે કે તને ખાવાનું મળતું નથી. એટલે જ સાવ સુકલકડી છે. હું ભલે જાડો છું એટલે તારા કરતાં વધારે તાકાત છે મારામાં. તને જોઈને મને હસવું આવે છે, હી...હી...'

પાતળા બિલાડાને આ સાંભળવું સારૂ ન લાગ્યું. તે એક બાજુ ચાલવા માંડયો, તો જાડો બિલાડો વધારે જોરથી હસવા લાગ્યો. પાતળો બિલાડો ઊભો રહ્યો. કહ્યું, 'ભાઈ, તું કેમ મારી મશ્કરી કરે છે? હું પાતળો ભલે છું પણ મારામાં શકિત છે. હું તેજ દોડી શકું છું. અચાનક કોઈ મુસીબત આવી પડે તો છૂમંતર થવામાં મને વાર નથી લાગતી.'

જાડો બિલાડો કહેવા લાગ્યો, 'દોડવાની વાત કરે છે ? હું તો તારા કરતાં વધારે ઝડપથી દોડી શકું છું. તું કઈ મુસીબતની વાત કરે છે ? હું કોઈ પણ મુસીબતથી ડરતો નથી. કૂતરો આપણો દુશ્મન છે. એનાથી વધારે મુસીબત આપણા માટે કઈ હોઈ શકે ? હું કૂતરાથી પણ ડરતો નથી. અત્યારે અહીં કોઈ કૂતરૂ આવી જાય તો તને ખબર પડી જાય.'

એ સમયે મોન્ટુ મદનિયાને કોઈ શરારત કરવાનું મન થયું. તે મોટેથી 'ભોં...ભોં...' કરવા લાગ્યું. બંને બિલાડાને થયું કે કોઈ કૂતરૂ આવી રહ્યું છે. એ વખતે પાતળા બિલાડાએ તો વન ટૂ-થ્રી કરીને દોટ મૂકી અને ઘડીકમાં અદશ્ય થઈ ગયો. જાડા બિલાડાને દોડવામાં તો જવા દો, ચાલવામાં પણ તકલીફ થતી હતી. તે આજુબાજુ જોવા લાગ્યો કે કયાંક છુપાઈ જવાની જગ્યા મળી જાય તો સારૂ. રસ્તાની બાજુમાં એક ગલી હતી, તે એ બાજુ ચાલવા માંડયો. ત્યાં કાદવ હતો. તે પોતાની જાતને બચાવી ન શકયો અને લપસીને કાદવમાં જઈ પડયો. માંડ માંડ ત્યાંથી નીકળી શકયો.

મોન્ટુ મદનિયું બારીમાંથી આ જોઈને ખડખડ હસવા લાગ્યું અને કહેવા લાગ્યું,

'એક બિલાડો જાડો
ભઈ, એક બિલાડો જાડો.
કાદવમાં જઈ ફસાયો,
ભઈ, એક બિલાડો જાડો.'

# હસવાની મનાઈ છે.

કર્મચારી : સર, મારી પત્નીની તબિયત ખરાબ છે. તો મારે ઘરે જવું પડશે.

બોસ : જૂઠું ન બોલો. જયારે તમારી ખુરશી પર તમે નહોત ત્યારે એનો ફોન આવેલો એનો અવાજ તો એકદમ બરાબર હતો.

કર્મચારી : તમે શું કામ જૂઠું બોલો છો. મારા તો હજી લગ્ન જ થયા નથી.

**કેવલ આર. વૈદ્ય**

પિન્ટુ : પોતાની કારના ટાયર કાઢી રહ્યો હતો એટલે મોન્ટુએ પૂછયુ "તુ ટાયર કેમ ખોલી રહ્યો છે ?"

પિન્ટુ : તને વાંચતા નથી આવડતું ? જો વાંચ, અહીં લખ્યું છે, – પાર્કિંગ ફોર ટુ વ્હીલર ઓન્લી.

**વિપુલ કે. ભટ્ટ**



મોન્ટુ : દરેક વ્યકિત મારા પિતાજી સામે કટોરો લઈને ઊભા રહે છે.

ગર્લફ્રેન્ડ : શું તારા પિતાજી એટલા પૈસાદાર છે ?

મોન્ટુ : નહી, તે પાણીપૂરી વેચે છે.

**આશા પી. પટેલ**

પત્નીએ ચિંતિત અને ઉદાસ થઈને પતિને કહ્યું, "છોકરો બહુ પૈસા ઉડાવે છે. કોઈ પણ જગ્યાએ સંતાડુ છું તો તે ત્યાંથી શોધી લે છે."

પતિ : એની ચોપડીમાં રાખવાનુ શરૂ કરી દે. પરીક્ષા સુધી એ શોધી નહીં શકે.

ઉમેર આર. વાળા

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



બાળએક્સપ્રેસ સંપાદક

( પ્રિન્સીપાલશ્રી : રવજીભાઈ કાચા સાહેબ )

# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. એકાવન, બાવનનો અર્થ એ છે કે હવે તમે વનપ્રવેશ કર્યો છે એટલે વનમાં જાવ. રોજ ૨૧૦૦૦ નામ જપ નિયમપૂર્વક કરો. જપ વિના પાપવાસના છૂટતી નથી.
૨. બે નિયમો તો દરેકે લેવા જોઈએ. પાપ છોડવાનો અને સત્કર્મ કરવાનો નિયમ લેવો જોઈએ.
૩. એક દિવસમાં મનુષ્યને ૨૧૦૬૦ શ્વાસ લેવા પડે, એટલે કે શ્વાસે શ્વાસે ભગવાનનું નામ લો.
૪. ૫૦ પૂરાં થાય એટલે સમજજો અડધું શરીર કાળના મુખમાં ગયું છે.
૫. શરીરને આવશ્યક વિષયો ઈન્દ્રિયને આપે તે ઉપયોગ (લક્ષ્મીનો), ઈન્દ્રિયોને માગે તે વિષયો તેને આપે અને સ્વેચ્છાચારી થઈ. ઈન્દ્રિયોને આધીન થઈ વિષયો ભોગવે તે ઉપભોગ છે. સંપત્તિ અને શકિતનો દુર ઉપયોગ કરે તે દૈત્ય. સમયનો સદઉપયોગ કરો. સંપત્તિનો સદુપયોગ કરો. મનુષ્ય સંપત્તિ અને સમયનો દુરૂપયોગ કરે છે. તેને ઘણો સમય ફેશન અને વ્યસન પાછળ જાય છે.
૬. (૧) લક્ષ્મી : નીતિ અનીતિથી જે ધન પ્રાપ્ત કર્યુ હોય તે લક્ષ્મી. એ ધન સદુપયોગ અને ભોગ વિલાસમાં જ વપરાય છે.
(૨) મહાલક્ષ્મી : ધર્મથી નીતિથી મહેનત કરી યોગ્ય રીતે પ્રાપ્ત કર્યુ તે મહાલક્ષ્મી, એ દાન સારા કાર્યોમાં જ વપરાય છે.
(૩) અલક્ષ્મી : પાપનો પૈસો એ અલક્ષ્મીનું સ્વરૂપ છે. તેનો ઉપયોગ વિલાસ પાછળ થાય છે. મનુષ્યને તે રડાવે છે. કોઈને શાંતિ આપતો નથી.
૭. ઈન્દ્રિયના ગુલામ થઈ લગ્ન ન કરો. જીતેદ્રિય થઈ લગ્ન કરો.
૮. અક્ષર ઉપરથી મનુષ્યની બુધ્ધિની પરીક્ષા થાય છે.
૯. દૃષ્ટિ સુધરે તેની સૃષ્ટિ બદલાઈ જાય છે.
૧૦. શ્રી કૃષ્ણની કથા જે વારંવાર સાંભળે તેનું મન શ્રી કૃષ્ણ ખેંચી લે છે.

# જ્ઞાન મંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) ભારતમાં કોની પ્રેરણાથી કોંગ્રેસની સ્થાપના થઈ ? – અુ.ઓ.હ્યુમ
(૨) રાષ્ટ્રીય કોંગ્રેસનુ પ્રથમ અધિવેશન કઈ સાલમાં યોજાયુ હતું ? – ૧૮૮૫
(૩) રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ પ્રમુખ કોણ હતા ? – વ્યોમેશચંદ્ર બેનરજી
(૪) બ્રિટિશ અમલ દરમિયાન કયા ભારતીયએ સૌપ્રથમ 'આઈ.સી.એસ.' પરીક્ષા પાસ કરી હતી ? – સત્યેન્દ્રનાથ ટાગોર
(૫) ભારતમાં રાષ્ટ્રીય ચળવળના ઈતિહાસમાં 'હિંદના દાદા' કોને કહે છે ? – દાદાભાઈ નવરોજી
(૬) ઈ.સ. કયા ગવર્નર જનરલે બંગાળાના ભાગલા પાડયા ? – લોર્ડ કર્ઝન
(૭) ભારતના લોકોને 'સ્વતંત્ર્ય' સમાનતા અને બંધુત્વના આદર્શોની ભેટ કઈ ક્રાંતિએ આપી ? – ફ્રાંસ ક્રાંતિ
(૮) બંકિમચંદ્રનું 'વંદે માતરમ્' ગીત કઈ રાષ્ટ્રીય લડત દરમિયાન રાષ્ટ્રગીત તરીકે પ્રસ્થાપિત થયું ? – બંગભંગની લડત
(૯) બકિમચંદ્રનુ 'વંદે માતરમ્' ગીત તેમના કયા કાવ્યગ્રંથમાંનું છે ? – આનંદમઠ
(૧૦) બંગાળાના ભાગલા કઈ સાલમાં રદ થયા ? – ૧૯૧૧

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## સેવા કરી છે ?

તમે ધનવાન નથી, અને તમારે સેવા કરવી છે ? તો...

હોસ્પિટલના દર્દીને સાંત્વના – સધિયારો આપી શકો

ગરીબ બાળકોને અક્ષરજ્ઞાન આપી શકો.

તેમની સાથે રમતો રમી આનંદ વહેંચી શકો.

વૃદ્ધાશ્રમમાં એકલતાને પ્રેમાળ હૂંફ આપી શકો.

આટલું કરવા માટે ધનવાન હોવું જરૂરી નથી. જરૂર છે માત્ર સત્ સંકલ્પ અને નિષ્ઠાથી કાર્યરત થવાની.

# પ્રયોગ - ૪૮
# અવાહક અને સુવાહકનું વર્ગીકરણ

હેતુ : વિધુત અવાહક અને સુવાહક પદોથોની જાણકારી મેળવવી.

સાધન : બલ્બ સેલ અવાહક ટેપ વાહક તાર રબર લાકડાની પટી

## પ્રયોગની પાંખે

વિજ્ઞાન નગરી

પ્રકાશક: શ્રી બળવત પારેખ



પેન્સિલ ચાવી પેનની રીફિલ : દીવાસળી વગરે.

રીત : આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે વિધુત પરિપથ તૈયાર કરો. અને છેડાઓને વસ્તુઓની એક પછી એક જોડો. દરેક વખતે બલ્બ પ્રકાશિત થતો કે નહી તેની નોંધ કરો.

અવલોકન કોષ્ટક

| ક્રમ | વસ્તુ | બલ્બ પ્રકાશિત થયો ? (હા/ના) |
|---|---|---|
| ૧ | રબર | |
| ૨ | લાકડાની પટ્ટી | |
| ૩ | પેન્સિલ | |
| ૪ | ચાવી | |
| ૫ | પેનની રિફિલ | |
| ૬ | દીવાસળી | |

તારણ જે વસ્તુઓ અને સાથે જોડતાં બલ્બ પ્રકાશિત થાય અર્થાત તેમાંથી વિધુત પ્રવાહ પસાર થાય છે તે વસ્તુઓ વિધુત સુવાહક છે.

જે વસ્તુઓ અને સાથે જોડાતા બલ્બ પ્રકાશિત થતો નથી અર્થાત તેમાથી વિધુત પ્રવાહ પસાર થતો નથી તે વસ્તુઓ વિધુત અવાહક છે.




# બીઝલબબનું બખડજંતર

## (૬) અદેશ્ય સબમરીન

બીઝલબબને અલંગના બ્રેયાર્ડમાં ભંગારને ભાવે વેચવાથી બેબસનને એક બીજો લાભ પણ થયો. કાળુ, ઝુલ્ફી સહિત મોટુમલની ટોળકીના મુકદ્દમામાં તેને સંડોવવામાં હોરમસજી નિષ્ફળ નીવડયા કારણ જહાજમાં સોનું હતું એ જ પુરવાર કરવાનું અશકય બન્યું.

મેં આ બંને મામલામાં યત્કિંચિત્ ફાળો આપેલો એટલે કોર્ટની કાર્યવાહીમાં પ્રેક્ષકરૂપે હાજરી આપેલી. મારી મુલાકાતને પરિણામે બેબસને પોતાની વ્યૂહરચનામાં ફેરફાર કરવા ફરજ પડેલી એ તો દેખીતું હતું, પણ બાકીના સોનાનો કઈ રીતે નિકાલ થયો તે સમજાણું નહિ.

વળી મુદ્દતની તારીખ પચીસમી જાહેર થતાં બેબસને કાઢેલ ઉદ્દગારનું રહસ્ય શું હોઈ શકે ? એક સંભાવના એ હતી કે તેણે તે દિવસે આંદામાન પહોંચવાનું હોય. પણ હવે તેના માટે તો આમ કરવું શકય નહોતું. અવેજીમાં કેપ્ટનને તો એ ના જ મોકલે. ખંજરસીંગ અને પટ્ટમપીલ્લે ઉપરનો તેનો વિસ પણ મેં ડગમગાવી નાખેલો.

પુખ્ત વિચાર બાદ મેં નિર્ણય કર્યો કે મારે એ તારીખે આંદામાન પહોંચવું. મારો ફેરો ફોગટ જાય તો પણ નાણાં તો મારે બેબસનના જ ખર્ચવાના હોઈ હું નિશ્ચિંત હતો. જહાજ ઉપલબ્ધ ન હોવાથી બેબસનને હવાઈ માર્ગે જવું પડત. મેં પણ એ વિકલ્પ અપનાવ્યો. ટ્રાવેલ એજન્ટ મારફત ભાવગર-મુંબઈ-કલકત્તા પોર્ટબ્લેરનો એર-પેસેજ તેમજ હોટેલ બુકીંગ કરાવ્યું. અને આમ હું બરાબર પચીસમી તારીખે પોર્ટબ્લેરના વિમાનઘરે ઉતર્યો.વિમાનઘરમાં કેટલાક લોકો આવનાર વ્યકિતઓના નામ લખેલા પ્લેકાર્ડ સાથે ઊભેલાં. પણ તેમાં અનેક નામધારી બેબસનનું એક પણ નામ ના નીકળ્યું. આથી મેં લટાર મારતાં હિંદી ફિલ્મગીતની ઢબે ગણગણવાનું શરૂ કર્યુ.બેબસન ખંજર પટ્ટમપીલ્લે !સોના બોના ઈલ્લે ઈલ્લે !આ સાંભળી એક બંગાળી મોશાય ચોંકી ઊઠયા અને મારી પાસે આવી નીચા સ્વરે બોલ્યા : "અરે પણ એ ત્રણે કયાં છે ? હું કયારનો એમને શોધી રહ્યો છું !"

"અંકલ બેબસન કંઈ એવા મૂર્ખ નથી કે અજાણ્યા પ્રદેશમાં સોના સાથે લૂંટાઈ જવા હાજર થઈ જાય ! મેં એક નવા અકલનો મારા લીસ્ટમાં ઉમેરો કરતાં જણાવ્યું : "તેથી તેમણે મને કહ્યું કે ભત્રીજા, પહેલાં તું જઈ માલ ચકાસી આવ. મારૂ નામ સુજલ, અને આપનું ?"

"મને મોન્ટુ કહે છે, પણ કેપ્ટન નીનો..."“બસ અહીં જ હું માર ખાઈ ગયેલો. અંકલે કહેલું કે એરપોર્ટ પર તેડવા આવનારના યુનિફોર્મ પરથી જ તું કેપ્ટન નીનોને ઓળખી જઈશ, પણ તેમને બદલે તમે લેવા આવ્યા એટલે જ મારે પેલા ગીતનો નુસ્ખો અજમાવવો પડેલો." હું બોલ્યો, અને પછી ઉમેર્યુ : "બેબસન અંકલે મારા અહીં આવવા બાબત મેસેજ મોકલાવેલ તે..."



સુજલની સાહસકથા

નલિન મહેતા

પ્રકાશક : ભદ્રા મહેતા



# ગીત : મામાનું ગામડું

કેવું ગમે રે કેવું ગમે, મામાનું ગામડું કેવું ગમે !
રે'વું ગમે રે રે'વું ગમે, મામાનું ગામડું કેવું ગમે !
ગામને ગોંદરે નાનકડી નદીએ, નિતનિત નાહવા જાતાં અમે
ગોરી ગાવલડીનાં મીઠેરા દૂધડાં, પીતાં પીતાં ના ધરાતાં અમે
ખુલ્લા મેદાનમાં ખંતેથી ખેલતાં, દોડી દોડી રાજી થાતાં અમે
પોપટ, મેના ને કાળી કોયલ સંગાથમાં, મીઠાં મીઠાં ગીત ગાતાં અમે
ભાંડરડાં જેવા ભોળા ભેરૂઓમાં, પ્રેમરસ પીતાંને પીતાં અમે
મામા રમાડે, મામી લાડુ જમાડે
એવું મોંઘુ મોસાળિયુ સૌને ગમે – **મહિપતરામ જોષી**

# અલપ ઝલપ અલબેલાં પાન

અલપ ઝલપ અલબેલાં પાન
ભાઈ અમારા ભીને વાન
રોજ લપેડા આંજે મેશ
તોય નહીં દેખાતી લેશ,
રંગ રંગના વાઘા ઘરે
ફુલ્યા – ફુલ્યા મનમાં કરે
ભણવામાં છે નંબર એક
જમણે નહિ : ડાબેથી છેક,
ગાય એવાં મીઠાં ગીત
સાંભળનારાં પળમાં ચિત,
ઘરે કામમાં એવી ખંત
કદી ન આવે એનો અંત
અલપ ઝલપ અલબેલાં પાન
ભાઈ અમારી ભીને વાન. – **હરિકૃષ્ણ પાઠક**

બાલ એક્સપ્રેસ

પ્રિન્સીપાલ/ટ્રસ્ટી
શ્રી રવજીભાઈ કાચા સાહેબ
શ્રી દિપક હાઈસ્કુલ
શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી
મો.૯૪૦૮૧ ૫૭૦૯૨



# આ મારું ચિત્ર છે



મીરલ બી. જોષી
(ધોરણ-૮, (બી) રૂપાયતન સ્કૂલ – અમરેલી)



કિર્તન જીતેન્દ્રભાઈ મકવાણા
(ધોરણ-૭(એ)રૂપાયતન સ્કૂલ – અમરેલી)



ખુમાણ સ્નોહા બી.
(ધોરણ-૭, રૂપાયતન સ્કૂલ – અમરેલી)



બગડા તૃપ્તી
(ધોરણ-૭,રૂપાયતન સ્કૂલ – અમરેલી)

# રાજકોટ : અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેનાની યુવા ટીમ દ્વારા ચાલતી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ







અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના–રાજકોટની યુવા ટીમ દ્વારા રાજકોટ શહેરમાં છેલ્લા ૨૧ મહિનાથી થતી ગૌ સેવા અને માનવસેવાની અનોખી લાગણીસભર સેવા, પૌષ્ટિક તત્વોથી ભરપૂર નૈવેદ્યનું દાન, પ્રેમ અને શ્રદ્ધાની અભિવ્યકિત સમાજમાં અનેક વખત આપણે માનવસેવા અંગે સાંભળીએ છીએ, પણ જયારે ગૌમાતા માટે નિઃસ્વાર્થ સેવા અને પ્રેમથી પૌષ્ટિક આહાર પહોંચાડવામાં આવે ત્યારે એ માત્ર કાર્યનથી, પણ શ્રદ્ધા અને કરૂણાની જીવંત અભિવ્યકિત બની જાય છે. રાજકોટ શહેરમાં દર રવિવારે અખિલ સૈરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના– રાજકોટની યુવા ટીમના કાર્યકરો દ્વારા વિવિધ ગૌશાળાઓ અને પાંજરાપોળમાં જઈને ગૌમાતાને પૌષ્ટિક અને રોચક આહાર પીરસવામાં આવે છે.ઉનાળાની કઠિન તાપમાનની ૠતુમાં ગૌમાતાને ઠંડક આપતી વસ્તુઓ જેવી કે તરબૂચના ટુકડા, કેરીનો રસ, મકાઈના ડોડા, લીલાં ચણાં અને અન્ય સીઝનેબલ શાકભાજી તથા પૌષ્ટિક લાડવા પીરસવામાં આવે છે. આ સેવાયજ્ઞ માત્ર ખોરાક પૂરૂ પાડવાનો પ્રયાસ નથી, પરંતુ એ ભાવ છે કે ગૌમાતાની સેવા કરવી એ આપણી નૈતિક ફરજ છે. દાતાઓના સહયોગથી આ કાર્ય વધતાં દર રવિવાર ગૌશાળાઓમાં આરતી, ભજન અને ગૌમાતાની વિશેષ પૂજા સાથે સેવા–નૈવેદ્ય અર્પણ થાય છે. સેવા માટે ખાસ બનાવાયેલ ઘઉંના લાડવામાં ખાંડના બદલે ગોળનો ઉપયોગ, ઘી, કોપરાનું ભૂક્કુ અને દૂધનો ઉપયોગ કરીને પૌષ્ટિક અને પાચન યોગ્ય લાડવાઓ તૈયાર કરવામાં આવે છે. સેવા માત્ર ગૌમાતા પૂરતી નથી અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના– રાજકોટની યુવા ટીમના યુવાનો તહેવારો અને ખાસ દિવસોના અવસરે શહેરની ઝૂંપડપટ્ટીઓમાં વસતા ગરીબ બાળકો માટે પણ વિવિધ પ્રકારના પૌષ્ટિક નાસ્તાનું વિતરણ કરે છેઅને તેમના જીવનમાં ખુશીની પળો ઉમેરવાનો પ્રયત્ન કરે છે. બાળમિત્રો માટે આ ક્ષણો માત્ર પેટ ભરવાની નથી, પણ પ્રેમ, સંવેદના અને પોતાના પણ કોઈ છે એ ભાવના જગાડે છે. આ કાર્યને નિઃસ્વાર્થ ભાવના અને જીવમાત્રમાં ભગવાનનું દર્શન કરવાની દષ્ટિએ આગળ વધારવામાં આવે છે. અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના–રાજકોટની યુવા ટીમ દ્વારા સમાજને અપીલ કરવામાં આવે છે કે, જીવદયા–ગૌસેવાની સેવાયાત્રામાં સહભાગી થવા આગળ આવે, પોતાની ક્ષમતા મુજબ સમય, દાન કે સેવા દ્વારા જોડાય અને સમાજમાં પ્રેમ અને જીવદયાની સંસ્કૃતિને નવસર્જન આપે. ગૌમાતા, બાળમિત્રો અને અન્ય જીવમાત્ર માટે જયારે આપણે ભોજન કે પ્રેમ આપીએ છીએ ત્યારે એ આપણું શ્રેષ્ઠ માનવીપણું સાબિત થાય છે. સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છનાં લાખો રઘુવંશીઓનાં શૈક્ષણીક, મેડીકલ, સુરક્ષા, સેવાકીય સહીતનાં ક્ષેત્રોમાં પ્રગતી માટે એક દશકાથી વધારે સમયથી જુનાગઢના પૂર્વ ડેપ્યુટી મેયર અને અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેનાનાં અધ્યક્ષ ગિરીશભાઈ કોટેચા અને રાજકોટનાં પ્રમુખ મિતલ ખેતાણીના માર્ગદર્શનમાં અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના સેવારત છે. સમગ્ર આયોજનમાં અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના–રાજકોટની યુવા ટીમના હિરેન વડેરા, કલ્પેશ પલાણ, સાગરતન્ના, નેવીલ ચોટાઈ, હેનીત ખખ્ખર, મિત્સુ ઠકરાર, ભાવીન દામાણી, પ્રણવ ખાલપડા, મોહીત અનડકટ, જય ગોટેચા, વિવેક સોમૈયા, લીનેશ રાજવીર, કેતન વડેરા, કુલદીપ બાટવીયા, દીપકભાઈ, મિલનભાઈ, વિહાન વડેરાસહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. વિશેષ માહિતી માટે અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના (રાજકોટ)ની યુવા ટીમના હિરેન વડેરા (મો.૯૫૭૪૪ ૫૫૦૫૫)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ઘણા મહિનાઓથી ગામજનો દ્વારા થતી માંગ પુર્ણ

# આનંદો : લીલીયા મોટામાં ''નલ સે જલ'' યોજના અંતર્ગત હાઉસ કનેકશન આપવાનુ શરૂ થશો

### ગામના સરપંચની જહેમત રંગ લાવી




લીલીયા, તા. ૨૭

લીલીયા શહેરમાં કેન્દ્ર સરકારની ઓટેકા યોજના અને રાજય સરકારની જળ જીવન મિશન યોજના તળે નલ સે જલ યોજનાની રૂપિયા ૯ કરોડ ના ખર્ચે કામગીરી કરવામાં આવેલ છે જેમાં લાઠી રોડ ગેશાળા નજીક ૩૩ લાખ લિટર પાણીની ક્ષમતા વાળો સંપ અને શહેરના જુદા જુદા ત્રણ ઝોનમાં ઊંચી ટાંકી અને ૩૨ કિલોમીટર વિસ્તારમાં પાણી વિતરણ માટે પાઈપ લાઈન નુ કામ પૂર્ણ કરવામાં આવેલ છે તેનું પાણી પુરવઠા બોર્ડ કચેરી દ્વારા ટેસ્ટિંગ પણ કરી લેવામાં આવેલ છે હાઉસ કનેક્શનની કામગીરી માટે ૧૦% લોકો ફાળો વાસ્મો યોજના માં ગ્રામ પંચાયત એ ભરવા પાત્ર થતો હતો સ્થાનિક ગ્રામ પંચાયતની આર્થિક સ્થિતિ બરાબર ન હોવાથી સરપંચ જીવનભાઈ વોરા સહિતના સતાધીશોએ બાકી વેરા વસુલાત અંગે કાળજી દાખવી અને કચેરી વહીવટી ખર્ચ ઘટાડી વાસ્મો માં રૂપિયા ૧૦ લાખની ફાળા ની રકમ ૧૦% લેખે ભરી શહેરના ૩૩૦૦ પરિવાર ને નલ સે જલ યોજના તળે હાઉસ કનેક્શન આપવા વર્ક ઓર્ડર મળતાગ્રામજનો માં આનંદની લાગણી જોવા મળી રહી છે સ્થાનિક સરપંચ જીવનભાઈ વોરા સહિતના સતાધીશોની સરાહની કામગીરીની લીલીયા શહેરમાં પ્રશંસા થઈ રહી છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૧ | ૧૦૫૪ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૬૫ | ૧૬૦૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૬૧ | ૧૪૩૯ |
| ૫ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૩૦૦ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૩૩૮૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૩૦ | ૧૪૩૦ |
| ૮ | બાજરો | ૩૬૦ | ૪૬૩ |
| ૯ | જુવાર | ૪૯૮ | ૭૪૩ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૨૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૧ |
| ૧૨ | મગ | ૧૦૫૧ | ૧૪૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૩૬ | ૧૧૧૬ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૬૨ | ૧૧૬૨ |
| ૧૫ | ચોળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | તુવેર | ૭૯૦ | ૧૨૪૨ |
| ૧૭ | કપાસ | ૮૦૦ | ૧૬૫૬ |
| ૧૮ | ધાણી | ૧૨૦૦ | ૧૩૨૫ |
| ૧૯ | અજમા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૨૦ | સોયાબીન | ૭૦૦ | ૮૦૯ |
| ૨૧ | કાંગ | ૪૩૦ | ૪૩૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીમાં બે આખલા

પહોંચતા લાઠી ગામે જાહેર રોડ ઉપર બે ખુંટીયા લડી રહયા હોય અને લડતા લડતા એક ખુંટીયો મોટર સાયકલ ના ટાયર સાથે ભટકાઈ જતા આ પતિ–પત્નિ રોડ ઉપર પડી જતા મોટર સાયકલ પાછળ બેસેલા પારૂલબેનને માથાના ભાગે ગંભીર ઈજા તથા હેમરેજ થતા સારવાર માટે દવાખાને ખસેડાયા હતાં. ત્યાં તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અવસાન નોંધ

**ચલાલા :** ચલાલા નિવાસી ચંદુભાઈ વનમાળીભાઈ ઉનડકટના ધર્મ પત્ની પુષ્પાબેન ચંદુભાઈ ઉનડકટ (ઉ.વર્ષ ૭૩) નુ દુઃખદ અવસાન તા. ૨૭/૬/૨૦૨૫ ને શુક્રવારના રોજ થયેલ છે. તેઓ પરેશભાઈ ઉનડકટ (રાજકોટ) અને રાજનભાઈ ઉનડકટના તથા ક્રિષ્ના રાજા જુનાગઢના માતુશ્રી થાય.

સદગતનુ ઉઠવણુ તા. ૨૮/૬/૨૦૨૫ને શનિવારના રોજ બપોરે ૪ થી ૬ લોહાણા મહાજન વાડી ચલાલા ખાતે રાખેલ છે.


## જાહેર નોટિસ

**મોજે.–કુંકાવાવ મોટી, ગામ, તાલુકો–વડિયા–કુંકાવાવ, જિલ્લો–અમરેલી**

અમો યોગેશભાઈ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નંબર | રેવન્યુ સર્વે નંબર | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| મોજે.કુંકાવાવ મોટી તા. વડિયા કુંકાવાવ જિ.અમરેલી | 1303 | 336/ 1P2 | 1-60-86 | 5.65 | રવજીભાઈ પોપટભાઈ આસોદરીયા |

**ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન સ્વતંત્ર નામે ''ધારવાળુ ''** ખેતરના નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૧/૦૬/૨૦૨૫**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,**
**મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશભાઈ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

**તે અમારા અસીલની સુચનાથી**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૯ | ૧૬૧૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૩૫ | ૧૪૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## બીજા દિવસે શાળા પ્રવેશોત્સવ યોજાયો

બાદ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓએ શાળા પ્રવેશ કર્યો હતો. રાજય કક્ષાએ કબડ્ડી અને ખો–ખો સહિતના ખેલમાં શાળાનું નામ રોશન કરનાર ટીમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગત વર્ષે ધોરણ ૯ થી ધોરણ ૧૨ માં પ્રથમ નંબર મેળવ્યો હોય તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને એનએનએમએસ, જ્ઞાન સાધનામાં સ્કોલરશીપ મેળવનાર તથા શાળામાં ગયા વર્ષે ૧૦૦% હાજરી આપી હોય તેવા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓએ સરકારની વિવિધ યોજનાઓ, વ્યસનમુકિત તથા માર્ગસલામતી વિશે વકતવ્ય આપ્યું હતું. વિદ્યાર્થીઓએ માર્ગસલામતી માટે વાહન વ્યવહારના નિયમો અનુસરવાના શપથ લીધા હતા. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ વિદ્યાર્થીઓને પ્રેરકઉદબોધન કર્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારીએ, સરકારની શિક્ષણ વિષયક વિવિધ યોજનાઓ, સ્પર્ધાત્મક પરીક્ષા અને તેની તૈયારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય, શિક્ષક અને વિદ્યાર્થીઓની વિવિધ કામગીરીને બિરદાવી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે શાળાના આચાર્યએ આભારવિધી કરી હતી. શાળાના પટાંગણમાં મહાનુભાવોએ સરગવો અને લીમડાનું વૃક્ષારોપણ કર્યું હતું. મહેમાનો દ્વારા શાળાની આટોમોટિવ લેબ, બ્યુટી એન્ડ વેલનેશ લેબ, આઈસીટી લેબ, સાયન્સ લેબ તથા શાળા પરિસરની મુલાકાત લીધી હતી.

શાળામાં ઉપસ્થિત એસએમડીસી સભ્ય, વાલી સભ્ય તથા શાળા કર્મચારીગણ સાથે બેઠક યોજવામાં આવી હતી. શાળાની વિવિધ શૈક્ષણિક સહ અભ્યાસિક પ્રવૃત્તિ તથા ભૌતિક બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓ રમતગમતની સિદ્ધિ પ્રેરક હોય શાળાને જરૂરી તમામ પ્રકારની સહાય મળી રહે તે માટે ખાતરી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

### દામનગર

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ–૨૦૨૫ અંતર્ગત અમરેલી સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ પીએમશ્રી દામનગર પે સેન્ટર શાળા નં. ૨માં બાળવાટિકા અને ધોરણ ૧માં હર્ષોલ્લાસ સાથે ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેઓ શાખપુર માધ્યમિક શાળા અને તાજપર પ્રાથમિક શાળાના પ્રવેશોત્સવમાં પણ સહભાગી બન્યા હતા.

પીએમશ્રી દામનગર પે સેન્ટર શાળા નંબર ૨ ના પરિસરમાં અંદાજે રૂા. ૧૫ લાખના ખર્ચે નવનિર્મિત બાળવાટિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે ઓડિયો વિઝયુઅલ માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે તેવા સ્માર્ટ બોર્ડનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવતા સાંસદ ભરતભાઈ સુતરિયાએ જણાવ્યુ કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી બાળકો હસતાં–રમતાં શાળા પ્રવેશ કરી રહ્યા છે.

તેમણે કહ્યુ કે, ગુજરાત રાજય સરકારે અદ્યતન સુવિધાઓથી સંપન્ન શાળાઓ બનાવી છે. આ સાથે શિક્ષકો પણ પોતાના બાળકની જેમ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઉછેર માટે પ્રતિબદ્ધતા સાથે મહેનત કરે છે. શિક્ષકોને તેમની મહેનત માટે અભિનંદન આપતા વિદ્યાર્થીઓની ઉજજવળ ભવિષ્યના નિર્માણ માટે શિક્ષણ અને શિક્ષકોની મોટી ભૂમિકા હોવાનું જણાવી, શાળા પ્રવેશ કરનાર ભૂલકાઓને શુભેચ્છા સહ અભિનંદન સુતરિયાએ આપ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યુ કે, ગુજરાત સરકારે વિદ્યાર્થીઓ આગળ વધી શકે તે માટે શિક્ષણ માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે, આજે શાળાઓમાં આધુનિક સુવિધાઓની સાથે કોમ્પ્યુટર લેબ સ્માર્ટ કલાસ સહિતની અદ્યતન શૈક્ષણિક સુવિધાઓથી સજજ છે.

મિશન સ્કૂલ ઓફ એકસેલન્સ, રેસીડેન્સિયલ સ્કૂલ, રક્ષા શકિત સ્કૂલ અને અન્ય શૈક્ષણિક યોજનાઓ દ્વારા શિક્ષણ ક્ષેત્રે નવા આયામો ઉમેરાયા છે.

વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની સાથે પાઠયપુસ્તક સહિતની શૈક્ષણિક સામગ્રી પણ આપવામાં આવે છે. તેનો ઉલ્લેખ કરતા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ મહત્વની ભૂમિકા છે.

આ પ્રસંગે મહાનુભાવોએ બાળવાટિકા અને ધોરણ ૧માં ભૂલકાઓને શૈક્ષણિક કિટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત શાળાના સીઈટી અને જ્ઞાન સાધના પરીક્ષામાં સફળતા મેળવનાર અને વાર્ષિક પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

પીએમશ્રી દામનગર પે સેન્ટર શાળા નંબર– ૨ની વિદ્યાર્થીનિ માહીએ પર્યાવરણના રક્ષણ માટે પ્રેરક સંબોધન કર્યું હતું તેમજ ટ્રાફિક નિયમોના પાલન માટે શપથ લેવડાવ્યા હતા. આચાર્ય દીપકભાઈ અગ્રાવતે આભાર વિધિ કરી હતી.

કાર્યક્રમના અંતે સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ શાળા પરિસરમાં વૃક્ષારોપણ કર્યુ હતું. આ પ્રસંગે દામનગર નગરપાલિકા પ્રમુખ ગોબરભાઈ નારોલા, કારોબારી ચેરમેન ધ્રુવભાઈ ભટ્ટ, અગ્રણી સર્વ અમરશીભાઈ નારોલા, ધીરૂભાઈ નારોલા, નરેશભાઈ, કાસમભાઈ, હેમંતભાઈ સહિતના મહાનુભાવો ઉપરાંત શિક્ષણ વિભાગના હિતેશભાઈ સોરઠીયા, સ્કૂલ મેનેજમેન્ટ સમિતિના હોદ્દેદારો, શિક્ષકો, પ્રવેશ મેળવનાર ભૂલકાઓના વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરામાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરની વિવિધ શાળાએ હાઈસ્કુલ અને આંગણવાડી કેન્દ્રોમાં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ તકે જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, મામલતદાર બાબરા, જીનીગ ઉદ્યોગપતિ શોકતભાઈ ગાંગણી, સી.આર.સી. શિવરાજભાઈ, પાલિકા સભ્ય ભુપતભાઈ બસિયા સહિત સ્થાનિક અગ્રણીઓ અધિકારીઓ અને વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. અહીં બાબરા શહેરમાં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના અધ્યક્ષ સ્થાને શહેરમાં આવેલ પ્રાથમિક બ્રાન્ચ શાળા કે પી આશરા ઉત્સાહ પૂર્વક પ્રવેશ કરાવી શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી.

### અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા

# કોવાયા : કામકાજના સ્થળે મહિલાઓને થતી જાતીય સતામણી અટકાવવા અંગે સેમિનાર યોજાયો

### કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યુ

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાના રાજુલાના કોવાયા ગામ ખાતે કામકાજના સ્થળે મહિલાઓને થતી જાતીય સતામણી અટકાયત અધિનિયમ-૨૦૧૩ અંગે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. મહિલાઅનેબાળકલ્યાણવિભાગદ્વારા અમલીકૃત્તવિવિધયોજનાવિષયકજાણકારી આપવામાંઆવીહતી.

રાજુલા તાલુકા પંચાયત ઉપપ્રમુખ હરિભાઈ બારૈયાના અધ્યક્ષ સ્થાનેઆયોજિતઆસેમિનારમાંઅલ્ટ્રાટેક કંપનીના ગુજરાત સિમેન્ટ વર્કસના મહિલા કર્મચારીઓનેPosh ACT-૨૦૧૩અંગે વિસ્તૃતમાર્ગદર્શનઆપવામાંઆવ્યુંહતું.

આસેમિનારમાંજિલ્લામહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝારિયાએપ્રસંગોચિતસંબોધનનીસાથે મહિલા અને બાળ વિભાગની જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી આપીહતી.



એડવોકેટ અરવિંદભાઈ ખુમાણેPosh ACT-૨૦૧૩વિશેવિસ્તૃત કાયદાકીય માર્ગદર્શન અને ગુજરાત સિમેન્ટ વર્કસના પાંડે તથાએચ.આર. રાધિકાબેનેપણ જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ.

આ ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારી કોમલબેને સખી વન સ્ટોપ સેન્ટર અને પીબીએસસી કર્મચારી નજમાબેને મહિલા સહાયતા કેન્દ્ર વિશે માહિતગાર કર્યા હતા. ડીએમસી હસમુખભાઈ રાઠોડે આભાર વિધિ કરી હતી.

આ સેમિનારમાં ઉપસ્થિત બહેનોનેહેન્ડબેગઅનેયોજનાકીયપેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### બોઘરીયાળી મંદિર રોડ, કેવડાપરા ખાતે

# સાવરકુંડલાનાં પવિત્ર રામાપીર મંદિરે અષાઢી બીજની આસ્થાભેર ઉજવણી

### હજારો ભાવિકો ભક્તિરસમાં તરબોળ

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા ધર્મ અને ભક્તિનો અદભૂત, અનન્ય સંગમ સમાન પવિત્ર અષાઢીબીજના પાવન પર્વ નિમિત્તે સાવરકુંડલા નગરમાં ભવ્ય અને દિવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અત્યંત ભક્તિમય અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો. બાબા રામદેવ યુવક મંડળ દ્વારા આયોજિત આ 'અષાઢી બીજ ઉત્સવ'માં હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા, અને સમગ્ર વાતાવરણ પૂર્ણ ભક્તિભાવ સાથે ધાર્મિક ઉલ્લાસથી ગુંજી ઉઠ્યું હતું.



સાવરકુંડલા ખાતે આવેલા સુપ્રસિદ્ધ રામદેવપીર મંદિરે યોજાયેલા આ ભવ્ય ઉત્સવમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અષાઢી બીજની ભવ્ય ઉજવણીના ભાગરૂપે રામામંડળનુંભવ્ય આખ્યાન યોજાયુંહતું, જેમાં કલાકારોએ જીવંત પાત્રો દ્વારા ધાર્મિક પ્રસંગોને રજૂ કરી ભાવિકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત, ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી, જેમાં ધર્મપ્રેમી જનતાએ મોટી સંખ્યામાં જોડાઈ ભક્તિમય વાતાવરણને વધુ પ્રફુલ્લિત કર્યુ હતું. ભોજન પ્રસાદ અને ભજન સંધ્યા જેવા કાર્યક્રમોએ ઉત્સવમાં ચાર ચાંદ લગાવ્યા હતા, અને સૌ ભક્તોએ ભવ્ય આનંદનો અનુભવ કર્યો હતો. આ સમગ્ર મહોત્સવ દરમિયાન સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા સુચારૂ અને સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો. જેમાં હજારોની સંખ્યામાં ભક્તોએ ભક્તિભાવપૂર્વક પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

આ ભવ્ય અને દિવ્ય મહોત્સવના સફળ આયોજનમાં બાબા રામદેવ યુવક મંડળના તમામ સભ્યોએ દિવસ-રાત જહેમત ઉઠાવી હતી. આ ધાર્મિક કાર્યક્રમ સાવરકુંડલાના બોધરીયાણી ખોડીયાર મંદિર રોડ, કેવડા પરા ખાતે આવેલા પવિત્ર રામદેવપીર મંદિરે યોજાયો હતો.

આયોજકોએ આ ભવ્ય ઉત્સવને સફળ બનાવવા બદલ તમામ સ્વયંસેવકો, ઉદાર દાતાઓ અને ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવનાર સમસ્ત ભાવિક ભક્તોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ ભવ્ય પ્રસંગે ઉપસ્થિત સૌએ બાબા રામદેવપીરના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરી, અદ્ભુત શાંતિ અને ભક્તિનો અનુભવ કરતાં જોવા મળેલ.

### ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી દ્વારા દંપતિ પ્રશિક્ષણ વર્ગનુ આયોજન

# નવ યુગલ દંપતિઓમાં કુત્રિમ ગર્ભધારણની વધતી જતી ચિંતાજનક સમસ્યા

### માનસિક તણાવ, બદલાતી જીવનશૈલીથી દંપતિઓમાં ફર્ટિલિટીની સમસ્યા

અમરેલી, તા. ૨૭

સમાજમાં વધી રહેલા વંધ્યત્વના પડછાયાં વચ્ચે નવી દિશા અને સકારાત્મક અભિગમ રજૂ કરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ "દંપત્તિ પ્રશિક્ષણ વર્ગ"નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ધ્યેય નવપરણિત અને સંતાન વાંચ્છુક દંપત્તિઓને પ્રાચીન ભારતીય જ્ઞાનપ્રણાલી, આધુનિક વૈજ્ઞાનિક સમજ અને આયુર્વેદ આધારિત જીવનશૈલીના આધાર પર સંતાનપ્રાપ્તિ માટે યોગ્ય રીતથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક તૈયારી માટે માર્ગદર્શન આપવાનુંછે.

આજના સમયમાં નવી પેઢી નવા પડકારોનો સામનો કરી રહી છે. જીવનશૈલીમાં ધીરે ધીરે થયેલા બદલાવ, અનિયમિત અને કૃત્રિમ આહાર, ઊંઘનો અભાવ અને સતત ડિજિટલ એક્સપોઝર, સાથે સાથે વ્યવસાયિક દબાણ, સામાજિક અપેક્ષાઓ અને વૈવાહિક ઉંમરના વિલંબના કારણે મોટા પ્રમાણમાં દંપતીઓમાં પ્રજનન સંબંધિત સમસ્યાઓ સર્જાઈ રહી છે. તેના પરિણામે ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં પણ વંધ્યત્વનુંપ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યુંછે.

હાલના સમયમાં અનેક દંપત્તિઓને સંતાનપ્રાપ્તિમાં મુશ્કેલીનો



સામનો કરવો પડે છે. જેના પરિણામે લોકો મોટા ખર્ચ વેઠી IVF, IUI, ICSI જેવી સહાયક પ્રજનન પદ્ધતિઓ તરફ ધસી રહ્યાં છે. અનેક વખત આ પ્રયત્નો નિષ્ફળ જતાં ભાવનાત્મક, આર્થિક અને સામાજિક નુકસાન સર્જાય છે.

આ જ સમયે ભારતની પરંપરાગત આયુર્વેદ તથા ગુણાત્મક જીવનશૈલી ઉપર આધારિત માર્ગદર્શનમાં એવી અનેક સંભાવનાઓ છે, જે ઉત્કૃષ્ટ સંતાન સંપત્તિ માટે યોગ્ય માળખું તૈયાર કરી શકે છે. આ દ્રષ્ટિએ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા "દંપત્તિ પ્રશિક્ષણ વર્ગ"નું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે સમગ્ર રીતે વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અધ્યયનને આધારે રચાયું છે.

આ કાર્યક્રમમાં સહભાગી થનાર દંપત્તિઓનું પ્રકૃતિ પરીક્ષણ કરવામાં આવશે તથા આયુર્વેદ, યોગ, પ્રાણાયામ, ધ્યાન, પોષણયુક્ત આહાર, વિચાર શિસ્ત, જીવનશૈલી અને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી સંકલિત માર્ગદર્શન આપવામાં આવશે. જેનાથી દંપતી માત્ર શારીરિક સ્તરે નહીં પરંતુ માનસિક, શારીરિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક સ્તરે પણ સંતાન માટે તૈયાર થાય.

આ કાર્યક્રમમાં જોડાવવા માટે કોઈપણ દંપત્તિ તા.૩૦/૬/૨૦૨૫ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી શકાશે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર દંપત્તિ રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ કાર્યક્રમની વધુ માહિતી મેળવવા માટે મોબાઈલ નંબર ૯૮૯૮૩ ૩૮૮૯૮, ૯૦૯૯૯ ૫૭૩૦૯ ઉપર સંપર્ક કરશો અથવા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની રૂબરૂ મુલાકાત લઈ શકો છો.

### વિસાવદરમાં "આપ" નો વિજય થતા

# અમરેલી જિલ્લાનાં પાટીદાર સમાજમાં સળવળાટનો માહોલ

### ગોપાલ ઈટાલીયા પર સૌની નજર

અમરેલી, તા. ૨૭

વિસાવદર વિધાનસભા બેઠક ઉપર "આપ" નાં ઉમેદવાર ગોપાલ ઈટાલીયાનો વિજય થતાં તેની સીધી અસર અમરેલી જિલ્લામાં જોવા મળી રહી છે.

પાટીદારમાં ગઢ સમાન વિસાવદરમાં જે રીતે પાટીદાર સમાજે "આપ" ને મદદ કરી તે જોતા અમરેલી જિલ્લામાં પણ "આપ" નુ પ્રભુત્વ વધે તો નવાઈ નહી.

# શુધ્ધ આહાર, શાકાહાર !



અમરેલી, તા. ૨૭

મગધ સમ્રાટ બિંદુસારે એક વખત તેની સભામાં પુછયુંહતું કે દેશની ખાધ સમસ્યાને ઉકેલવા માટે સૌથી સસ્તી વસ્તુ કઈ છે? મંત્રી પરિષદ તથા અન્ય સદસ્યગણ વિચારમાં પડી ગયાં કે ચોખા, ઘઉં, જુવાર, બાજરી વગેરે તો ઘણો શ્રમ કર્યા બાદ જ મળે છે. એ પણ ત્યારે જ જયારે પ્રકૃતિનો કોઈ પ્રકોપ આપણી ધરતી પર ન ઉતરતો હોય? આવી પરિસ્થિતિમાં અન્ન કયારેય સસ્તું ના હોઈ શકે કે ના થઈ શકે ? એ પછી શિકાર કરવાનો શોખ ધરાવનાર એક સામંતે કહ્યું કે રાજન સૌથી સસ્તો ખાધ પદાર્થ તો માંસ છે અને મેળવવા માટે મહેનત ઓછી કરવી પડે છે અને પૌષ્ટિક વસ્તુ ખાવા માટે સહેલાઈથી આપણને મળી જતી હોય છે. બધાએ આ વાતનું સમર્થન કર્યુ પરંતુ પ્રધાનમંત્રી ચાણકય ચુપ હતાં. ત્યારે સમ્રાટ બિંદુસારે એમને પુછયું કે આપનો આ બાબતમાં શું અભિપ્રાય છે. ત્યારે ચાણકયે કહ્યું હું મારા વિચારો આવતીકાલે આપને જણાવીશ રાત પડી ગઈ ત્યારે પ્રધાનમંત્રી એ સામંતના મહેલે પહોંચ્યા અને બારણું ખોલીને અંદર પ્રવેશ્યા સામંત તો આટલી અડધી રાતે ચાણકયને જોઈને જ ગભરાઈ ગયાં પ્રધાનમંત્રી ચાણકયે કહ્યું સાંજથી જ સમ્રાટ એકદમ બીમાર પડી ગયાં છે. રાજવૈદે કહ્યું છે કે કોઈ મોટી વ્યકિતનાં હૃદયનું ૨ તોલા માંસ જો મળી જાય તો રાજાના પ્રાણ બચી શકે તેમ છે અને એટલાં માટે હું તમારી પાસે તમારાં હૃદયનાં માત્ર ૨ તોલા જ માંસ લેવાં આવ્યો છું અને બદલામાં તમે આ એક લાખ સુવર્ણ મુદ્રાઓ લઈ લો આ સાંભળતાની સાથે જ સામંતના ચહેરાનો રંગ ઉડી ગયો અને ચાણકયની પગ પકડીને માફી માંગી અને ઉલટાનું એમને જ એક લાખ સુવર્ણ મુદ્રાઓ આપીને કહ્યું કે આ ધનરાશીથી કોઈ બીજા સામંતના હૃદયનું માંસ ખરીદી લે પ્રધાનમંત્રી એક પછી એક એમ દરેક સામંતોના ઘરે સેનાધિકારીઓના ઘરે પહોંચ્યા અને એ દરેક સામંતો પાસેથી બે તોલા હૃદયનું માંસ માંગ્યું પરંતુ કોઈપણ આપવા રાજી ન થયું ઉલટાનું દરેક દરેક જણે પોતાનાં બચાવ માટે ચાણકયને એક લાખ, ૨ લાખ અને પાંચ લાખ સુવર્ણ મુદ્રાઓ આપવાની તૈયારી બતાવી અને આપી પણ ખરી આમ આશરે ૨-૨ કરોડ સોનાના સિક્કા એકઠાં કરીને ચાણકય સવાર થતાં સુધીમાં પોતાનાં મહેલમાં પાછાં આવ્યા અને તે સમયે રાજસભામાં પ્રધાનમંત્રી રાજા સમક્ષ એ ૨ કરોડ સુવર્ણમુદ્રાઓ મુકી દીધી. રાજાએ પુછયું આ બધું શું છે. ત્યારે ચાણકયે એમને બતાવ્યું કે ૨ તોલા માંસ ખરીદવા માટે આટલી મોટી ધનરાશિ એકઠી થઈ ગઈ પણ ૨ તોલા માણસનું માંસ ન મળ્યું તેના જ મળ્યું રાજન હવે આપ જ વિચાર કરો કે માંસ કેટલું સસ્તું છે. તે ચાણકયએ જણાવ્યું છે કે જીવન અમુલ્ય છે આપણે એ ના ભુલવું જોઈએ કે જેવી રીતે આપણને આપણો જીવ જેટલો વહાલો હોય છે. બરોબર એવી જ રીતે દુનિયાના દરેક જીવોને પોતાનો જીવ વહાલો હોય છે. પછી માણસ હોય કે પશુ-પક્ષી પરંતુ આ બનેમાં ફરક એટલો જ હોય છે. કે મનુષ્ય પોતાનો પ્રાણ બચાવવાના હેતુસર સંભવિત પ્રયાસ કરતો હોય છે. બોલીને, રીઝવીને, ડરાવીને, સમજાવીને, લાંચ કે રિશ્વત આપીને પશુ-પક્ષી ન તો બોલી શકતાં હોય છે. કે ન તો પોતાની વ્યથા કહી શકતાં હોય છે. તો શું માત્ર આજ કારણોસર એમનો જીવવાનો અધિકાર છીનવાઈ જવો જોઈએ.

– મિતલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# દામનગર ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ યોજાયો



દામનગર, તા. ૨૭

દામનગર કે.કે. નારોલ પ્રાથમિક શાળા ખાતે ખેતીવાડી નાયબ નિયામક પીપળીયાની અધ્યક્ષતામાં કન્યા કેળવણી એવમ શાળા પ્રવેશોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાયો આચાર્ય યોગીતાબેનના માર્ગદર્શન હેઠળ સમગ્ર કે.કે. નારોલા પ્રાથમિક શાળા નંબર ત્રણ ખાતે અદ્ભુત આયોજન કરાયુંહતું. પધારેલ મહાનુભાવોનું પુસ્તક ભેટ આપી સન્માનિત કરાયા હતા. રંગારંગ શાળા પ્રવેશોત્સવમાં નામાંકન બાળકોમાં અનેરો ઉત્સાહ બાળકોને ભેટ સોગાદથી નવાજતા અનેક મહાનુભવોની પ્રેરક ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવમાં નાયબ ખેતીવાડી નિયામક પીપળીયા, લાઠી મહિલા અને બાળ વિકાસ વિભાગના આઈસીડીએસ સુપર વાઈઝર ફાલ્ગુનીબેન ચત્રાલ, આશાવર્કર બહેનો, આંગણવાડી વર્કર, હેલ્પર બહેનો, નગરપાલિકાના સદસ્ય વેપારી અગ્રણી સહિત કેળવણી નિરીક્ષક શાળા પરિવાર સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓની વચ્ચે નાના બાળકો ધ્વારા સ્વાગત ગીત સાથે પધારેલ મહાનુભવો ના વરદહસ્તે દીપ પ્રાગટય કરી શાળા પ્રવેશોત્સવ સમારોહનો પ્રારંભ કરાયો હતો. નાના બાળકો અભિભુત કરતી પ્રસ્તુતિ સ્વચ્છતા પર્યાવરણ પ્રકૃતિ બેટી બચાવો ફરિજયાત શિક્ષણ જેવા વિષય ઉપર મનનીય વ્યકતવ આપી સર્વને અચંબિત કર્યા હતા. કે.કે. નારોલ પ્રાથમિક શાળા પરિવારની અદભુત વ્યવસ્થા વચ્ચે વિદ્યાર્થીઓ અને વાલીઓની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે રંગારંગ શાળા પ્રવેશોત્સવ એવમ કન્યા કેળવણી મહોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો.

# અમરેલીનાં પટેલ શૈક્ષણિક સંકુલ ખાતે કેન્સર જાગૃતિ અભિયાન યોજાયુ

અમરેલી, તા. ૨૭

અમરેલી "ગજેરા સંકુલ"માં કેન્સર જાગૃતિ અભિયાન માટે લેકચર યોજાયેલ તેમાં સંકુલમાં કોલેજમાં ભણતી દીકરીઓ જે લગભગ ૭૦૦ થી ૮૦૦ની હાજરી રહેલ. તેમાં રાજકોટ શાશ્વત મેડિકલ કેરની ટીમે માર્ગદર્શન આપેલ. તેમાં ગર્ભાશયના મુખનું કેન્સર વિશે ડો. પલક ડાવરા (એમ.ડી., ડી.એમ.)એ પોતાનું વકતવ્ય આપેલ. તથા છાતીમાં કેન્સર વિશે ડો. ગાજીપરાએ વકતવ્ય આપેલ. ખાસ કરીને એચ.પી.વી. વેકસીન ઉપર ભાર મુકવામાં આવેલ. અને બધી જ બહેનોને તથા તેમના સબંધીઓને આ એચ.પી.વી. વેકસીન લેવા આગ્રહ કરેલ. શાશ્વતના મેડિકલ ડિરેકટર ડો. નિમિશાબેન દ્વારા ડો. શાશ્વત મેડિકલ કેર (સેન્ટર) વિશે માહિતી આપેલ હતી. લગભગ ૨ કલાક સુધી ખુબ જ રસપ્રદ વકતવ્યો દ્વારા માર્ગદર્શન મળેલ.

ઉપરોકત કાર્યક્રમની આભાર વિધિ કેમ્પસ ડાયરેકટર મનસુખભાઈ ધાનાણીએ કરેલ છે.

### સરકારી આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીયકક્ષાનુ બનાવ્યુ

# સાવરકુંડલાની સનરાઈઝ સ્કુલનાં ભુતપૂર્વ વિદ્યાર્થીની તબીબી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી

### સ્કુલ મેનેજમેન્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યુ

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના સરકારી આરોગ્ય કેન્દ્રોને રાષ્ટ્રીયકક્ષાની હરોળમાં સ્થાન અપાવતાં 'સૂર્યોદય સ્કૂલનાં મનીષનો સૂર્ય, મેડિકલ ક્ષેત્રે વૈકિ સ્તરે ચમકી રહ્યો છે...' ડો. મનીષ જયાણી, જેમણે સનરાઈઝ વિદ્યા સંકૂલમાં પ્રાથમિક, માધ્યમિક અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગુજકેટમાં ૯૯.૩૩ પી.આર. સાથે સમગ્ર રાજયમાં ૮૫રમો ક્રમ પ્રાપ્ત કરીને, ગાંધીનગર GMERS અને સિવિલ હોસ્પિટલમાંથી એમ.બી.બી.એસ.ની ડોકટરની ડિગ્રી હાંસલ કરી હતી.

ખેડૂત પુત્ર મનીષ પટેલ આજે તબીબી ક્ષેત્રે સમગ્ર વિ લેવલની ઉત્તમ સિદ્ધિઓ હાંસલ કરીને શાળા સાથે કુંડલાનું પણ ગૌરવ વધાર્યુ છે. તેમણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોવિડ-૧૯ મહામારી દરમ્યાન માનવતાની ભાવનાથી હિંમતભેર પોતાનો જીવ જોખમમાં મૂકીને અવિરત સેવા આપી હતી અને અનેક દર્દીઓને જીવનદાન આપવાનો પ્રયત્ન કર્યો હતો. જે બદલ ગુજરાત સરકાર દ્વારા એવોર્ડ પણ મળેલ છે.

આ પછી તેમણે ઈંગ્લેન્ડમાં તબીબી અભ્યાસ અને પ્રેક્ટિસ માટે જરૂરી એવી અત્યંત કઠિન અને સ્પર્ધાત્મક PLAB (Professional and Linguistic Assessments Board) પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી.

PLAB પરીક્ષા માત્ર તબીબી જ્ઞાન નહીં, પણ દર્દીઓ સાથે સંવાદ, ક્લિનિકલ નિર્ણય ક્ષમતા જેવી મહત્વની બાબતોને કસોટી પર ચડાવે છે. ડો. મનીષ જયાણી હવે ઈંગ્લેન્ડમાં તબીબી અભ્યાસ અને પ્રેક્ટિસ માટે લાઈસન્સ ધરાવે છે, જે



વિશ્વ ભરમાં માન્ય અને આદરપાત્ર ગણાય છે. આ લાઈસન્સ ધરાવવું એ માત્ર એક સર્ટિફિકેટ નથી, પણ એ નિશાની છે કે વ્યકિતએ વૈકિ સ્તરે માન્ય તમામ તબીબી ધોરણો પાર કર્યા છે. આ લાઈસન્સ સાથે તેઓ યુકે અને અન્ય ઘણા દેશોમાં પણ આગળ વધીને વિવિધ તબીબી ક્ષેત્રોમાં સેવા આપી શકે છે. સનરાઈઝ સ્કૂલનાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ જણાવે છે કે, એક સામાન્ય ખેતી ખેડતા પરિવારમાં જન્મેલો મનીષ આપબળે આજે વૈકિ તબીબી જગતમાં પોતાનું સ્થાન બનાવવા જઈ રહ્યો છે ત્યારે અમારા માટે આ હર્ષનો વિષય છે કે આ તેજસ્વી અને વિનમ્ર વિદ્યાર્થીએ પોતાનાં શરૂઆતના પાયાનાં શૈક્ષણિક પગથિયા અમારા સંસ્થાથી શરૂ કરીને, આજે પણ શાળા સાથે અતૂટ નાતો ધરાવે છે. (આયુષ્માન આરોગ્ય મંદિર) AAM એ સરકારી આરોગ્ય કેન્દ્ર છે, જે સામાન્ય રીતે ૨-૩ ગામની વચ્ચે કાર્ય કરે છે. અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે જે આવા ૫ થી ૬ AAM ઉપર એક હોય છે જે વસ્તીના આધારે નક્કી કરવામાં આવે છે. હવે આ બંને જે ગ્રામ્ય કક્ષા એ સરકારી દવાખાના છે. જો તે રાષ્ટ્ર કક્ષાના નક્કી કરેલ ધારાધોરણ પ્રમાણે જેમકે ઉત્તમ સારવાર, દવાઓની ઉપલબ્ધતા, લેબ ટેસ્ટની ઉપલબ્ધતા, દવાખાનાની સ્વછતા વોશરૂમની સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા, સરકારી દવાખાનાના પરિસરની માવજત, ફાયર સેફટી, ચેપરહિત સુવિધા સુનિશ્ચિત વગેરે.

જેવું કામ કરે તો તે રાષ્ટ્ર કક્ષાના સર્ટિફિકેટ મેળવવા માટે અરજી કરી શકે છે અને ત્યાર બાદ દિલ્હીથી ડોકટરોની નિષ્ણાંત ટીમ ચકાસણી કરવા માટે આવે છે જે રેકોર્ડ રજીસ્ટર તેમજ સ્વચ્છતા અને સુવિધાની ચકાસણી કરી સ્ટાફને વિવિધ પ્રશ્નોતરી કરે છે. અને ત્યાર બાદ જો તે સંસ્થા સરકાર દ્વારા નક્કી કરેલ ધારા ધોરણ પ્રમાણે ૭૦% કરતા વધારે સ્કોર બને તો તેમને રાષ્ટ્ર કક્ષાનું NQASનું સર્ટીફીકેટ મળે છે .હાલ અમેરલી જિલ્લામાં કુલ આવા સરકાર માન્ય કુલ ૩૪ આરોગ્ય સંસ્થાઓ છે જેમાંથી માત્ર સાવરકુંડલા તાલુકામાં ૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૧૩ આયુષ્માન આરોગ્ય મંદિર એટલે કે કુલ ૧૫ સરકારી આરોગ્ય કેન્દ્ર છે, જે ખૂબ જ પ્રશંસનીય છે.

આ તમામ સેન્ટરો ની તપાસ કરી તેમના સ્ટાફને ટ્રેનીંગથી માડી તમામ રીતે માર્ગદર્શન પૂરૂ પાડી આ સર્ટિફિકેટ અપાવવા માટેના મહત્વનો ફાળો સાવરકુંડલા હેલ્થ ટીમના લીડર એવાં ભૂતપુર્વ વિદ્યાર્થી ડો. મનીષ જયાણીનો છે. જેમણે દીવસ રાત સમયની ચિંતા કર્યા વગર મહેનત કરેલ છે . તેમણે માત્ર સાવરકુંડલા જ નહીં તદુપરાંત ઘણા બીજા તાલુકામાં જઈને પણ ત્યાંના સરકારી દવાખાનાની ચકાસણી તેમજ યોગ્ય માર્ગદર્શન આપી બીજા અન્ય સરકારી દવાખાનાઓને પણ આ સર્ટીફીકેટ મેળવવા માટે અગત્યનો ફાળો આપેલ છે.

આજે સંસ્થા દ્વારા મેડલ અને મોમેન્ટો દ્વારા ખાસ સન્માન આપવામાં આવ્યું હતું.

### ડો. ભરત કાનાબારના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાશે

# અમરેલી : ડો. વસંતભાઈ પરિખને આવતી કાલે લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ

### કવિ હર્ષદ ચંદારાણાનુ મરણોત્તર સન્માન થશે

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા દર વર્ષે સંસ્થાના સ્થાપક પ્રમુખ, જાણીતા કેળવણીકાર, સાહિત્યકાર, પુસ્તક પરબના પ્રણેતા ડો. પ્રતાપભાઈ પંડયાની સ્મૃતિમાં અમરેલી જિલ્લાના સાહિત્ય, સંગીત કલા ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનારનું સન્માન અભિવાદન કરવામાં આવે છે.

ચાલુ વર્ષે અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા આગામી તા. ૨૯ ને રવિવારના રોજ અમરેલી ખાતે 'સર્જકના પુલકિત પોંખણા' શીર્ષક તળે સન્માન કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમના કેન્દ્ર સ્થાને અમરેલીનું રાષ્ટ્રવ્યાપી ગૌરવ એવા સંસ્કૃત ભાષામાં વિદ્વાન, રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે મહત્વપૂર્ણ પદો પર સફળતાપૂર્વક જવાબદારીઓ નિભાવી છે, સંસ્કૃત ભાષા સાહિત્યને લોકભોગ્ય શૈલીમાં સમજાવતા અનેક પુસ્તકોનું લેખન, સંપાદન, રસાળ હળવી શૈલીમાં જ્ઞાનસભર વકતા તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત, રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક પારિતોષિક સન્માન મેળવ્યું છે. એવા અમરેલી નગરના વરિષ્ઠ સાહિત્યકાર, ડો.વસંતભાઈ પરીખનું લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. તેમજ બીજું કેન્દ્રસ્થ સન્માન લીલીછમ વેલી અમરેલીના સૂત્ર દ્વારા અમરેલી નગરને વ્હાલ કરનાર, ગુજરાતી ભાષામાં અનુઆધુનિક યુગની કવિતામાં નોંધપાત્ર નામ ધરાવતાં, પ્રતિષ્ઠિત નરસિંહ મહેતા એવોર્ડ ટ્રસ્ટના પૂર્વ મેને. ટ્રસ્ટી અને જીવનપર્યંત ટ્રસ્ટી, ગુજરાતી કવિતામાં અનેક પ્રતિષ્ઠિત સન્માન, એવોર્ડ મેળવનાર, અગ્રણી બિઝનેસમેન , જિલ્લાની તમામ સાહિત્ય સંસ્થાઓના માર્ગદર્શક અને પ્રોત્સાહક, ચલાલા ગર્લ્સ હાઈસ્કૂલ ટ્રસ્ટના પ્રમુખ, એવા મૂર્ધન્ય કવિ હર્ષદ ચંદારાણાનું મરણોત્તર સન્માન કરી અમરેલી સાહિત્ય જગત વતી ઋણ સ્વીકાર કરવામાં આવશે. આ તકે રાજય કક્ષાએ વિવિધ સિદ્ધિઓ મેળવી છે એવા અમરેલીના સંગીતકાર બાંસુરીવાદ સંજીવ ધારૈયા અને ડો. કેતન કાનપરિયા તથા યોજાય ગયેલી પુસ્તક પરિચય સ્પર્ધાના વિજેતાઓને પણ સન્માનિત કરવામાં આવશે.

આ કાર્યક્રમ અમરેલી જિલ્લાના સામાજિક સેવાકીય અગ્રણી ડો.ભરતભાઈ કાનાબારના અધ્યક્ષ સ્થાને, વરિષ્ઠ કવિ લાલજીભાઈ કાનપરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં સન્માનિત વ્યકિત વિશેષના પરિચય આપશે. એવા જ જાણીતા વકતાઓ સર્વ જાણીતા સાહિત્યકાર ડો.કાલિન્દી પરીખ, અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના ટ્રસ્ટી પરેશભાઈ મહેતા, કેતનભાઈ જોષી, લોકગાયક વિમલભાઈ મહેતા દ્વારા કરવામાં આવશે. આ તકે વિશેષ ઉપસ્થિતમાં અમરેલીની સાહિત્ય સંસ્થાઓના પ્રતિનિધિરૂપ સર્વ હરજીવન દાફડા, મહેન્દ્રભાઈ જોષી, વાસુદેવ સોઢા, ચંદ્રહાસ બસિયા સહિત સર્વ સર્જકો ભાવકો હાજરી આપશે. આ કાર્યક્રમનું સંચાલન અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના ટ્રસ્ટી ઉદયભાઈ દેસાઈ કરશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમરેલી જિલ્લા સાહિત્ય સર્જકના પ્રમુખ મનીષાબેન પંડ્યા અને મેને. ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીએ નિમંત્રણ પાઠવ્યું છે.

# રાજુલા : ટી. જે. બી. એસ. ગર્લ્સ હાઈસ્કુલ ખાતે પ્રવેશોત્સવ યોજાયો



રાજુલા તા. ૨૭

આજ રોજ ટી.જે.બી.એસ .ગર્લ્સહાઈસ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો . હડિયા , સીઆરસી ભૂવા, શાળાનાં પ્રવેશોત્સવ સંદર્ભે ઉપસ્થિત રહ્યા હતા . દીપપ્રાગટયથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વાગત ગીત થી આમંત્રિત મહેમાન ઓનું સંગીતમય સ્વાગત કરવામાં આવ્યુ હતું .કુમકુમ તિલકથી ધોરણ ૯ તથા ૧૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનીઓ અને સ્વાગત સાથે માં સરસ્વતીની સંજ્ઞા રૂપ પેન્સિલ રબર કીટ રવિભાઈ વ્યાસ (મેનેજર મહિલા કોલેજ ) તથા જીગ્નેશભાઈ વાજા (નિયામક મહિલા કોલેજ ) ધ્વારા શાળાની તમામ બાળાઓને આપવામાં આવેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની બાળાઓ ધ્વારા કરવામાં આવ્યો હતુ .શાળાનાં આચાર્યા સીમાબેન પંડયા ,જોષી તથા સમગ્ર શાળા પરિવાર આ કાર્યક્રમમાં જોડાયો હતો.

હવે... બદલાશે સારવારની પરીભાષા
અમદાવાદના નિષ્ણાંત સ્પાઈન સર્જન હવે આપણા અમરેલીમાં....
તારીખ : ૨૯/૦૬/૨૦૨૫ રવિવાર
સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
ઉપલબ્ધ સારવાર
- કમર કે ગરદનની નસ ના દુઃખાવા, જેમ કે સાઈટીકા માટે ઓપરેશન વગર ઈન્જેકશન દ્વારા સારવાર.
- કી હોલ (1.5 સેમી)ના ચેકા દ્વારા નસનું દબાણ હટાવવાનું ટાંકા વગરનું ઓપરેશન.
- આધુનિક પધ્ધતિથી (Minimally invasive) દ્વારા સ્નાયુ ફાડયા વગરનું ઓપરેશન.
- ત્રાસી કમરની (Scoliosis) તકલીફ માટેનું ઓપરેશન.
- દૂરબીન (Endoscopy) દ્વારા ખસેલી ગાદી માટેનું ઓપરેશન.
- મણકાની અન્ય તમામ તકલીફ માટેનું સચોટ માર્ગદર્શન અને નિદાન
(ગોળ હોસ્પિટલ)
24/7 Emergency Services
ડો.મંથન એચ.માંડલીયા
M.S.Otho(F.I.S.S.(U.K.Germany))
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## સાંસદ, ધારાસભ્યો, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે શાળા પ્રવેશોત્સવ યોજાયો

**દામનગર ખાતે સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીએ ભુલકાઓનું નામાંકન કરાવ્યું**

**રોકડીયાપરા ખાતે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો**

**જાફરાબાદ ખાતે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો**

**બાળકોને શૈક્ષણિક કિટનું પણ ઠેર-ઠેર વિતરણ કરવામાં આવ્યું**



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં આજે સતત બીજા દિવસે અમરેલી, જાફરાબાદ, દામનગર સહિતનાં શહેરો અને ગામોમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

**અમરેલી**

શાળાપ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ–૨૦૨૫ અંતર્ગત દ્વિતિય દિવસે અમરેલી જિલ્લાકલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત રોકડિયાપરા પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી થઈ હતી.

જિલ્લા કલેકટરએ બાલવાટિકાના ૨૪, આંગણવાડીના ૩૬ ભૂલકાઓ અને ધો. ૦૧ના ૩૬ વિદ્યાર્થીઓ સહિત ૯૬ વિદ્યાર્થીઓ–વિદ્યાર્થિનિઓને શાળામાં પ્રવેશ અપાવી જ્ઞાનનો દીપ પ્રજવલિત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટરના હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટરએ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી અને ઉજજળ ભવિષ્યના નિર્માણ માટે અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિની પ્રસ્તુતિ કરી હતી.

આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન તુષારભાઈ જોશી, વાઈસ ચેરમેન ડી.સી. ગોલ, શાસનાધિકારી આશિષભાઈ જોશી, આઈ.સી.ડી.એસ. જિલ્લા પ્રોજેકટ કો ઓર્ડિનેટર દક્ષાબેન ભટ્ટ, લાઈઝન અધિકારી ગોયાણી, સહ લાઈઝન અધિકારી અર્ચનાબેન ભટ્ટ, સી.આર.સી. રજનીભાઈ સોલંકી, એસ.એમ.સી.ના સભ્યો અને વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

**જાફરાબાદ**

શાળાપ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અંતર્ગત અમરેલી જિલ્લાની જાફરાબાદ મોડેલ સ્કૂલમાં અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં નગરપાલિકા સભ્ય પાંચાભાઈ, અમરેલી જિલ્લા આંકડા અધિકારી ગોહિલ, આરએફઓ વાઘેલા, એસએમડીસીના સભ્યો સહિતનાઓએ દીપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. પ્રાર્થના

**અનુસંધાન પાના ૬ ઉપર**

### હવામાન વિભાગે કરી આગાહી

# અમરેલી જિલ્લામાં 3 જુલાઈ સુધી હળવાથી લઈને ભારે વરસાદ

**સાવચેતી અને તકેદારીનાં પગલા લેવા અનુરોધ**

અમરેલી, તા. ૨૭

વરસાદની આગાહીના પગલે અમરેલી ફલડ સેલ દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને સાવચેતી અને તકેદારીના પગલાં લેવા માટે સૂચના આપવામાં આવી છે.

ભાવનગર ફલડ કંટ્રોલના જણાવ્યા મુજબ દેવભૂમિ દ્વારકા, અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ સહિત સૌરાષ્ટ્રનાં જિલ્લાઓના

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ઘારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

Sheetal ICE CREAM
Why Sheetal ICE CREAM ?
Sheetal Ice Creams are made up of
MILK + DAIRY FATS + LOTS OF LOVE
Other Frozen desserts are made up of
WATER + MILK SOLIDS + OIL
40,000+ Retail Outlets | 10+ States in India | 15+ Countries | +91 73000 51000 www.sheetalfoodworld.com
Let's get social

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)